સુવિચાર
સંસ્કાર વગરની સંપતિ આવે ત્યારે સાચી ભૂખ અને ઉંઘ ચાલી જાય છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com


સાંધ્ય દૈનિક



યાજ્ઞીક રોડ પર માલાબર ગોલ્ડ એન્ડ ડાયમંડસના શો રૂમ માંથી રૂ.૪.૭૨ લાખના સોનાના ચેઈનની ચોરી P-4

Year-16, Issue-243 ■ DATE : 28-01-2026 WEDNESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના ડે. સીએમ અજીત પવારનું નિધન



**મુખ્ય સમાચાર, બારામતી**

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું અવસાન થયું છે. આજે સવારે વિમાન દુર્ઘટનામાં તેમનું અવસાન થયું. સૂત્રોના જણાવ્યા અનુસાર, અજિત પવાર જિલ્લા પંચાયત પરિષદની ચૂંટણી માટે પ્રચાર કરવા માટે ખાનગી વિમાનમાં મુંબઈથી બારામતી જઈ રહ્યા હતા. વિમાન લેન્ડિંગ દરમિયાન ક્રેશ થયું અને ઇંધણ ટાંકી ફાટી ગઈ. આ અકસ્માતમાં અજિત પવાર સહિત વિમાનમાં સવાર તમામ છ લોકોના મોત થયા.



અજિત પવારના આકસ્મિક અવસાનથી રાજ્યભરમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે, અને તમામ ક્ષેત્રોમાં શોક વ્યક્ત કરવામાં આવી રહ્યો છે.

અજિત પવાર ૬૬ વર્ષના હતા. તેઓ છેલ્લા ૪૦ વર્ષથી રાજ્યના રાજકારણમાં સક્રિય હતા. તેઓ તેમના બોલ્ડ નિર્ણયો અને સ્પષ્ટ ટિપ્પણીઓ માટે હેડલાઈન્સમાં રહ્યા. અજિત પવારના અવસાનથી રાજ્યના રાજકારણમાં નોંધપાત્ર ખાલીપો સર્જાયો છે. આ ઘટના અજિત પવારની બારામતીની મુલાકાત દરમિયાન બની હતી. અજિત પવાર આજે જિલ્લા પરિષદની ચૂંટણી માટે પ્રચાર કરવા માટે બારામતી પહોંચવાના હતા. વિમાનના ઉતરાણ દરમિયાન આ અકસ્માત થયો. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર, આ અકસ્માતમાં છ મુસાફરોના મોત થયા છે. આ અકસ્માતમાં અજિત પવાર, તેમના સહ-પાયલટ અને સહકાર્યકર સાથે મૃત્યુ પામ્યા હતા. અહેવાલો અનુસાર પવાર આજે ચાર મહત્વપૂર્ણ જાહેર સભાઓમાં હાજરી આપવા માટે બારામતી જઈ રહ્યા હતા.

બારામતી એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગનો પ્રયાસ કરતી વખતે વિમાન ક્રેશ થયું. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, પરંતુ કોઈ બચી શક્યું નહીં. મુંબઈથી ઉડાન ભર્યાના એક કલાક પછી, સવારે ૯ વાગ્યાની આસપાસ આ ઘટના બની.નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય એ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવાર, બે સાથીઓ અને બે ક્રૂ સભ્યો વિમાનમાં હતા.

આ દુર્ઘટનામાં કોઈ પણ મુસાફરો બચી શક્યા નથી. અત્યાર સુધી મળેલી માહિતી અનુસાર, પવાર ચાર્ટર્ડ પ્લેનમાં મુંબઈથી બારામતી ગયા હતા. લેન્ડિંગ દરમિયાન, વિમાન રનવે પરથી લપસી ગયું. નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય એ અકસ્માતમાં ૬ લોકોના મોતની પુષ્ટિ કરી છે. અજીત પવાર મહારાષ્ટ્ર પંચાયત ચૂંટણી માટે ચાર રેલીઓને સંબોધવા માટે બારામતી જઈ રહ્યા હતા. અકસ્માતની જાણ થતાં, પવારના પરિવારના સભ્યો તેમના મુંબઈના નિવાસસ્થાન માટે રવાના થયા હતા.

**બે પાયલોટ, એક ક્રુ મેમ્બર તેમજ અન્ય એક વ્યકિતનું પણ મોતઃ સમગ્ર મહારાષ્ટ્રમાં ત્રણ દિવસનો રાજકીય શોક જાહેરઃ મુંબઇથી વિમાન ઉપડયાના એક કલાક બાદ ક્રેશ થયું**

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૨૮/લીટર |
| ડીઝલ | રૂ. ૮૯.૯૬/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૧,૯૯૦ | ₹૩,૭૦,૧૦૦ |
| | -૧૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૧.૬૪ | ₹૧૨૬.૪૩ |

## ૧૫ ફેબ્રુઆરીથી ઉનાળો શરૂ થવાની સંભાવના

ઉત્તર ભારત તરફથી સતત આવતાં ઠંડા પવનોના કારણે સમગ્ર ગુજરાતમાં ફરી એકવાર ઠંડીનું મોજું ફરી વળ્યું છે. વહેલી સવારથી ધુમ્મસ છવાતાં દૃશ્યતા ઘટી રહી છે અને લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. આ બદલાતા હવામાન અંગે ખગોળશાસ્ત્રી દિવ્ય દર્શન પુરોહિતે મહત્વનું નિવેદન આપ્યું છે, જેમાં તેમણે જણાવ્યું છેકે આ વખતે ઉનાળો ૧૫ ફેબ્રુઆરીથી શરૂ થઇ શકે છે અને લાંબો ચાલશે. આકરી ગરમી પડી શકે છે. ખગોળશાસ્ત્રીના જણાવ્યા મુજબ, હાલ અફઘાનિસ્તાન અને ભૂમધ્ય સાગર તરફથી પવન અને વાદળો આવી રહ્યા છે, જે શિયાળુ પાક માટે ખૂબ જ ઉપયોગી છે. આ પવનોના કારણે તાપમાનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે, પરંતુ સાથે સાથે ઠંડા પવનોનો ભાર વધતાં વાતાવરણમાં ધુમ્મસનું પ્રમાણ પણ વધી ગયું છે. ધુમ્મસ અને હવામાં રહેલું પ્રદૂષણ ઉપર તરફ ઉડી શકતું નથી અને સપાટી પર જ અટવાઈ રહે છે, જેના કારણે હવા વધુ પ્રદૂષિત બની રહી છે. ક્લાઈમેટ ચેન્જ અંગે વાત કરતા દિવ્ય દર્શન પુરોહિતે જણાવ્યું કે, વૈશ્વિક સ્તરે પ્રકૃતિનું સંતુલન ગંભીર રીતે ખોરવાઈ ગયું છે.

## સોના-ચાંદીમાં અવિરત તેજીનો દોરઃ ચાંદીમાં ૨૪૦૦૦નો ઉછાળો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સોના-ચાંદીમાં આસમાની તેજી સતત બેફામ બની રહી હોય તેમ આજે વધુ પ્રચંડ ઉછાળો નોંધાયો હતો. વિશ્વ બજારમાં સોનુ ૫૨૦૦ ડોલરની સપાટી કુદાવી ગયું હતું જયારે લોકલ માર્કેટમાં સોનામાં ૪૨૦૦ તથા ચાંદીમાં વધુ ૨૪૦૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયો હતો.

વિશ્વસ્તરે સોના-ચાંદીના ભાવો અસમાન્ય રીતે સતત સળગી જ રહ્યા હોય તેમ આજે વધુ જોરદાર ઉછાળો નોંધાયો હતો. વિશ્વબજારમાં આજે સોનુ નવી ઐતિહાસિક સપાટીએ પહોંચ્યું હતું. ૫૨૦૦ ડોલરનું લેવલ ક્રોસ થઇ ગયું હતું અને ૫૨૫૭ ડોલર થઇને ૫૫૪ ડોલર સાંપડયું હતું. ચાંદીનો ભાવ પણ નવી ટોચે પહોંચ્યું હતું અને ૧૧૬ ડોલરનો ભાવ થયો હતો.



લોકલ કોમોડીટી એકસચેંજમાં સોના-ચાંદી નવી નવી ઉંચાઇના આંબતા રહ્યા હતા. સોનાનો ભાવ ૪૨૦૦ રૂપિયાના ઉછાળાથી ૧,૬૧,૮૯૯ સાંપડયો હતો જે ઉંચામાં ૧,૬૨,૪૨૯ થયો હતો. ચાંદીનો ભાવ ઉંચામાં ૩,૮૦,૯૯૯ થયા બાદ ૨૪,૦૦૦ના કુલ ઉછાળાથી ૩,૮૦,૬૦૦ સાંપડયો હતો.

વેપારીઓના કહેવા પ્રમાણે સોના-ચાંદીની પ્રવર્તમાન અભુતપૂર્વ તેજી સમજની બહાર છે. વૈશ્વિક ઘટનાક્રમોના કારણે વર્તમાન તેજી હોવાનું માનવામાં આવી રહ્યું છે. ભારત અને યુરોપીયન સંઘ વચ્ચે ટ્રેડ ડીલ થયા બાદ અમેરિકા વધુ કોઇ ગંભીર કદમ ઉઠાવશે તેવી આશંકા વ્યકત થવા લાગી હતી.

આ સિવાય અમેરિકા ઇરાન પર ત્રાટકવા માટે વધુને વધુ યુધ્ધ જહાજો મોકલી રહ્યું હોવાથી ગમે ત્યારે યુધ્ધ ફાટી નીકળશે તેવા ભયના કારણે માનસ તેજીનું બની રહ્યું છે. વૈશ્વિક નિષ્ણાંતો સોના-ચાંદીની તેજી આગળ વધવાની આગાહી કરી જ રહી છે.

## ડાંગના સાપુતારાના ઘાટમાં સેનાની ટ્રક પલટી જતા ૯ જવાનો ઈજાગ્રસ્ત

**મુખ્ય સમાચાર, ડાંગ**

ડાંગ જિલ્લાના સાપુતારાના ડુંગરાળ માર્ગો પર બુધવારે (૨૮મી જાન્યુઆરી) દુર્ઘટના સર્જાઈ હતી. નાશિકથી જોધપુર તરફ જઈ રહેલો ભારતીય સેનાના કાફલાને અકસ્માત નડ્યો હતો. સાપુતારા-શામગહાન ઘાટના કપરા વળાંક પર સેનાની ટ્રક પલટી મારી જતાં તેમાં સવાર ૧૩ જવાનો પૈકી ૯ જવાનોને ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, ભારતીય સેનાનો કાફલો ટ્રક લઈને મહારાષ્ટ્રના નાશિકથી રાજસ્થાનના જોધપુર તરફ જઈ રહ્યો હતો. ટ્રકમાં સેનાની તોપ લાદેલી હતી. સાપુતારા-શામગહાન ઘાટના કપરા વળાંક ઉતરતી વખતે ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા ટ્રક રસ્તા પર જ પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માતની જાણ થતા જ ડાંગ જિલ્લા પોલીસ અને સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા. ટ્રકમાં સવાર તમામ ૧૩ જવાનોને બહાર કાઢવામાં આવ્યા હતા.જેમાં નવ જવાનોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.



અકસ્માતગ્રસ્ત વાહનમાં સેનાની તોપ અને અન્ય સંરક્ષણ સાધનો હોવાથી વહીવટી તંત્ર અને સેના દ્વારા સુરક્ષાના કડક પગલાં લેવામાં આવ્યા છે. ઘટનાસ્થળે અન્ય જવાનો અને પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે જેથી સંરક્ષણ સામગ્રીની સુરક્ષા જળવાઈ રહે.

## ભારત અને ઇયુ વચ્ચે થયેલ ટ્રેડ ડીલથી ગુજરાતના અનેક જિલ્લાઓને થશે મોટો ફાયદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત અને ૨૭ દેશોના યુરોપિયન યુનિયન (ઇયુ) વચ્ચે થયેલી મહા ડીલ-વ્યાપાર સમજુતીથી ભારતના ૬ સેકટરો અને ગુજરાત સહિત ૬ થી વધુ રાજ્યોને સૌથી વધુ લાભ થશે. ટેક્સટાઇલ, કેમિકલ્સ, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરીંગ ગુડ્સ, ઇલેક્ટ્રોનિક્સ, જેમ્સ-જ્વેલરી, મરીન પ્રોડક્ટ્સ વગેરે ક્ષેત્રોમાં ગુજરાત અને દેશને મોટો લાભ થશે.

ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચેના મુક્ત વ્યાપાર કરાર ગુજરાતના આર્થિક વિકાસ માટે ગેમ-ચેન્જર સાબિત થવા જઈ રહ્યા છે. આ કરારથી ગુજરાતના મુખ્ય ઉદ્યોગોને વૈશ્વિક સ્તરે મોટું પ્લેટફોર્મ મળશે અને રાજ્યમાં રોજગારીની નવી તકો ઊભી થશે.

કારણ કે યુરોપિયન યુનિયનના ૨૭ દેશોમાં ભારતની ૯૪૨૫ જેટલી વસ્તુઓ પર ટેરિફ ન માત્રની બરોબર થઈ જશે. ભારતની ૯૯ ટકા નિકાસ હવે કોઈપણ જાતના ટેક્સ વગર યુરોપમાં પ્રવેશી શકશે. જેનો સીધો લાભ ગુજરાત સહિત દેશના નાના મોટા ઉદ્યોગકારો, વેપારીઓને થશે.



માત્ર વસ્તુઓ સસ્તી થશે જ નહીં, પરંતુ ભારતીય કાપડ, ચામડા અને હીરા અને ઝવેરાતના વેપારીઓ માટે એક વિશાળ યુરોપિયન બજાર પણ ખુલશે. ભારતીય કપડાં પરનો ટેરિફ નાબૂદ થવાથી ભારત બાંગ્લાદેશ અને વિયેતનામને પાછળ છોડીને ટેક્સટાઇટલમાં નંબર વન નિકાસકાર બની શકે છે. ભારતની જેનેરિક દવાઓ માટે ૨૭ યુરોપિયન દેશોના બજારો ખૂલશે.

ગુજરાતના જુદા જુદા સેક્ટર્સને થશે સીધો ફાયદો જેમાં ટેક્સટાઈલ્સ અને એપેરલ કાપડ ઉદ્યોગમાં નિકાસની નવી ક્ષિતિજો ખુલે તેવી શક્યતા છે. કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ રસાયણો અને દવાઓના ઉત્પાદનમાં મોટો ઉછાળો આવશે. એન્જિનિયરિંગ ગુડ્સ અને ઈલેક્ટ્રોનિક્સ ઉપરાંત આધુનિક ટેકનોલોજી અને એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ માટે યુરોપિયન માર્કેટ સરળ બનશે.

જેમ્સ અને જ્વેલરી હીરા-ઝવેરાત ઉદ્યોગને નવો વેગ મળશે. મરીન પ્રોડક્ટ્સ અને ખનિજો સહિત દરિયાઈ ઉત્પાદનોની નિકાસમાં વૃદ્ધિ થવાથી માછીમારી ઉદ્યોગને લાભ થશે, ખનિજો ક્ષેત્રે પણ મોટી તકો ઊભી થશે.

જિલ્લાવાર અપેક્ષિત લાભો જોઇએ તો સુરતની ટેક્સટાઈલ ક્ષેત્રની નિકાસમાં ધરખમ વધારો થશે અને હીરા-ઝવેરાતના વેપારમાં વૃદ્ધિ જોવા મળશે. ભરૂચ-વડોદરાના આ પટ્ટામાં કેમિકલ્સ અને ફાર્માસ્યુટિકલ્સ ઉદ્યોગનો વ્યાપક વિકાસ થશે.


રાજકોટ માટે એન્જિનિયરિંગ ગુડ્સ અને ઈલેક્ટ્રોનિક્સની નિકાસ માટે નવા બજારો ઉપલબ્ધ થશે. વેરાવળની વાત કરીએ તો દરિયાઈ ઉત્પાદનો (સી-ફૂડ) ની નિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ થશે.

## ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ગજેરાના લક્ષ્મી ડાયમંડ ગ્રુપ પર આઈટીના દરોડા

**મુખ્ય સમાચાર, સુરત**

ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ગજેરા પરિવારની માલિકીના 'લક્ષ્મી ગ્રુપ' પર આજે વહેલી સવારથી આવકવેરા વિભાગે વ્યાપક સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. ડાયમંડ, એજ્યુકેશન અને રિયલ એસ્ટેટ ક્ષેત્રે મોટું નામ ધરાવતા આ ગ્રુપના ગુજરાતભરમાં આવેલા ઠેકાણાઓ પર ૧૫૦થી વધુ અધિકારીઓની અલગ-અલગ ટીમોએ એકસાથે ત્રાટકીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

સાથે જ અનિલ બગદાણા અને તેમના ભાગીદારો તરુણ ભગત તથા પ્રવિણ ભૂતના ધંધાકીય સ્થળો, રહેણાંક મકાનો અને વિવિધ પ્રોજેક્ટ્સ પર તપાસ કરાઈ રહી છે. મોટા પાયે ચાલી રહેલી આ કાર્યવાહીને પગલે સુરતના અન્ય વેપારી અને ઉદ્યોગ જગતમાં ફફડાટ વ્યાપી ગયો છે.



આ ઓપરેશન માટે છેલ્લા ઘણા દિવસોથી ગુપ્ત રીતે તૈયારીઓ ચાલી રહી હતી અને વહેલી સવારે જ ટીમો નિર્ધારિત સ્થળો પર પહોંચી ગઈ હતી. તપાસનો મુખ્ય કેન્દ્રબિંદુ લક્ષ્મી ગ્રુપના રિયલ એસ્ટેટ સાથે સંકળાયેલા તમામ વ્યવહારો છે. આવકવેરા વિભાગની ડીડીઆઈ વિંગ પાસે આ ગ્રુપના રિયલ એસ્ટેટ સોદાઓ અંગે અગાઉથી જ ચોક્કસ બાતમી અને માહિતી ઉપલબ્ધ હતી, જેના આધારે હાલમાં દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવી રહી છે.

## વિશ્વભરના કરોડો લોકોના ડેટા લીક થયા હોવાની ઘટના સામે આવી

### ૧૫ કરોડ લોકોના ખાતાઓના પાસવર્ડ લીક

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દુનિયાભરનાં કરોડો લોકોનો ડેટા લીક થયો હોવાની મોટી ઘટના સામે આવી છે. જીમેઇલ, ઇન્સ્ટાગ્રામ, ફેસબુક અને નેટફ્લિક્સ સહિત અનેક ઇન્ટરનેટ કંપનીઓનાં ૧૪.૯ કરોડથી વધુ એકાઉન્ટ્સના લોગિન ક્રેડેન્શિયલ્સ, એટલે કે યુઝરનેમ અને પાસવર્ડ લીક થયા છે. સાયબર સુરક્ષા કંપની 'એક્સપ્રેસ ટકગ'ની રિપોર્ટમાં આ દાવો કરવામાં આવ્યો છે. આ રિપોર્ટ સંશોધક જેરેમિયા ફાઉલર દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે.




રિપોર્ટ અનુસાર, જીમેઇલના ૪.૮ કરોડ, યાહૂના ૪૦ લાખ, ફેસબુકના ૧.૭ કરોડ, ઇન્સ્ટાગ્રામના ૬૫ લાખ, નેટફ્લિક્સના ૩૪ લાખ અને આઉટલુકના ૧૫ લાખ ખાતાઓના યુઝરનેમ અને પાસવર્ડ જાહેર થઈ ગયા છે. આ ડેટા કુલ ૯૬ જીબીનો છે, જેમાં ઇમેઇલ આઇડી, પાસવર્ડ અને લોગિન કરવા માટેના ડાયરેક્ટ લિંક્સનો સમાવેશ થાય છે.

ફાઉલરે રિપોર્ટમાં જણાવ્યું છે કે જાહેરમાં સામે આવેલ ડેટાબેસ પાસવર્ડ પ્રોટેક્ટેડ કે એન્ક્રિપ્ટેડ નહોતા. આ ડેટાબેસ જાહેરરૂપે ઉપલબ્ધ હોવાથી, તેને શોધનાર કોઈપણ વ્યક્તિ લાખો લોકોના ક્રેડેન્શિયલ્સ સુધી પહોંચી શકતો હતો. સામે આવેલા રેકોર્ડ્સમાં વિશ્વભરના પીડિતોના યુઝરનેમ અને પાસવર્ડ એકત્રિત કરવામાં આવ્યા હતા. તેમાં માત્ર સોશિયલ મીડિયા નહીં પરંતુ બેંક ખાતા, ક્રેડિટ કાર્ડ અને ક્રિપ્ટો વોલેટના લોગિન ક્રેડેન્શિયલ્સ પણ સામેલ હોઈ શકે છે.

ડેટા લીક થવાથી ગુનેગારો તમારા નામે ઠગાઈ કરી શકે છે. તમને સાચા જેવા લાગતા ઇમેઇલ મોકલીને છેતરવામાં આવી શકે છે, કારણ કે તેમની પાસે તમારી સાચી માહિતી હોય છે.

## સ્વાયત સંસ્થાઓને વધુ સત્તા આપીને શક્તિશાળી બનાવવા માટે રાજ્ય સરકારે ચક્રો ગતિમાન કર્યા

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં કોર્પોરેશન-સુધરાઇઓ સહિતની સ્વાયત સંસ્થાઓને વધુ સત્તા આપીને શક્તિશાળી બનાવવા માટે રાજ્ય સરકારે ચક્રોગતિમાન કર્યા છે જે અંતર્ગત નવા રસ્તા બનાવવા કે રીપેરીંગ માટે સ્વતંત્ર નિર્ણય લેવાના અધિકાર અપાશે. સરકારની મંજુરીની જરૂર નહીં રહે. ચોમાસા દરમ્યાન રોડ-રસ્તા ભાંગી જાય છે ત્યાર પછી સરકારી મંજુરીના વાંકે તેના રીપેરીંગમાં મહિનાઓ લાગી જતાં હોય છે. સૂચિત નિર્ણયથી વિલંબ અટકશે.

રાજ્ય સરકારના માહિતગાર સૂત્રોએ કહ્યું કે ગુજરાત સરકારના આગામી બજેટમાં આ નિર્ણયની જાહેરાત થઇ શકે છે. આગામી ૧૭મી ફેબ્રુઆરીએ બજેટ રજુ થવાનું છે. આ નિર્ણયનો અમલ થવાના સંજોગોમાં સરકારની મંજુરી વિના જ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ રસ્તા રીપેર કરાવી શકશે. સરકારની ટેકનીકલ કે વહિવટી મંજુરીની જરૂર નહીં રહે.



સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને દાયકાઓથી રસ્તાના રીપેરીંગ કે સામાન્ય કામ માટે પણ ગાંધીનગરથી મંજુરી લેવી પડતી હતી અને તેમાં લાંબો સમય લાગી જતો હોવાના કારણોસર લોકોએ મહિનાઓ સુધી હાલાકીનો સામનો કરવો પડતો હતો. જોખમી ખાડાઓને કારણે વાહન ચાલકો સહિતના લોકો પર જોખમ ઝળુંબતું રહેતું હતું. શહેરી વિકાસ વર્ષ અંતર્ગત

રાજ્ય સરકાર આ મહત્વનો સુધારો કરવા માંગે છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અગાઉ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૧૪૯ નગરપાલિકાઓમાં રસ્તા રીપેરીંગ માટે ૧૦૭ કરોડની ફાળવણી કરી હતી. સૂત્રોના કહેવા પ્રમાણે સૂચિત નિર્ણય ક્રાંતિકારી છે. નાણાંકીય સહાય સિવાય મુળભૂત સ્ટ્રક્ચરલ બદલાવ થશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ગુજરાત ટાઈટન્સ આયોજીત જુનિયર ટાઈટન્સની ત્રીજી આવૃત્તિનો 'મોરબી લેગ' સફળતાપૂર્વક સંપન્ન





**મુખ્ય સમાચાર, મોરબી**

ગુજરાત ટાઈટન્સ દ્વારા આયોજિત જુનિયર ટાઈટન્સની ત્રીજી આવૃત્તિનો 'મોરબી લેગ' ઓમ શાંતિ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે ઉત્સાહભેર સંપન્ન થયો હતો. આ એક દિવસીય કાર્યક્રમમાં મોરબી અને આસપાસના વિસ્તારોની ૨૪ શાળાઓના ૧૪ વર્ષથી ઓછી ઉંમરના ૧૦૦૦થી વધુ બાળકોએ ભાગ લઈ આઉટડોર રમતો અને શારીરિક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો. ''લેટ્સ સ્પોર્ટ આઉટ!''ની ભાવનાને ગુંજવતા આ કાર્યક્રમનો ઉદ્દેશ બાળકોમાં સક્રિય જીવનશૈલી પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો છે.

મોરબીમાં ગઈકાલ ૨૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આઈપીએલની ગુજરાત ટાઈટન્સે જુનિયર ટાઈટન્સની ત્રીજી આવૃત્તિમાં મોરબી ખાતે 'મોરબી લેગ'નું સફળ સમાપન કર્યું હતું. આ પહેલ દ્વારા બાળકોમાં નાની ઉંમરથી જ આઉટડોર રમતો, શારીરિક પ્રવૃત્તિ અને સ્વસ્થ જીવનશૈલી પ્રત્યે રૂચિ વિકસાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ફ્રેન્ચાઈઝીની સમુદાય-સંચાલિત આ પહેલ રાજ્યભરમાં બાળકોને રમતગમત સાથે જોડવાની દિશામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. ઓમ શાંતિ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ ખાતે યોજાયેલા આ એક દિવસીય કાર્યક્રમમાં મોરબી તથા આસપાસના વિસ્તારોની ૨૪ ખાનગી અને સરકારી શાળાઓના ૧૪ વર્ષથી ઓછી ઉંમરના ૧૦૦૦થી વધુ બાળકો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. કાર્યક્રમ દરમિયાન મનોરંજક અને સર્વસમાવેશક વિવિધ પ્રવૃત્તિઓ યોજાઈ, જેમાં બાળકોને આઉટડોર રમતોનો આનંદ માણવાની સાથે ટીમવર્ક, સહભાગિતા અને શારીરિક તંદુરસ્તીનો અનુભવ થયો.

જુનિયર ટાઈટન્સની પ્રથમ બે આવૃત્તિઓ દ્વારા ગુજરાતભરમાં અત્યાર સુધીમાં ૧૦,૦૦૦થી વધુ બાળકો જોડાઈ ચૂક્યા છે. ''લેટ્સ સ્પોર્ટ આઉટ!''ની ભાવનાને સાકાર કરતી આ પહેલ ગુજરાત ટાઈટન્સનું અમદાવાદની બહારના વિસ્તારો સાથેનું જોડાણ મજબૂત બનાવે છે તેમજ સહભાગિતા અને સમાવેશને પ્રોત્સાહન આપે છે. કાર્યક્રમ બાદ ગુજરાત ટાઈટન્સના ચીફ ઓપરેટિંગ ઓફિસર કર્નલ અરવિંદર સિંહે જણાવ્યું હતું કે, ''જુનિયર ટાઈટન્સ બાળકોને રમતગમતના સકારાત્મક અને સર્વસમાવેશક અનુભવ દ્વારા આઉટડોર રમત અને શારીરિક પ્રવૃત્તિ અપનાવવા પ્રોત્સાહિત કરે છે. મોરબીમાં મળેલો પ્રતિસાદ આવા કાર્યક્રમો માટે વધતા ઉત્સાહનો પુરાવો છે અને અમને આ પહેલને વધુ શહેરોમાં વિસ્તૃત કરવાની પ્રેરણા આપે છે.'' જુનિયર ટાઈટન્સની ત્રીજી આવૃત્તિ હવે ૩૧ જાન્યુઆરીએ અમરેલી, ૭ ફેબ્રુઆરીએ આણંદ અને અંતે ૧૪ ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે યોજાશે, જ્યાં આ અભિયાનનો સમાપન લેગ યોજાશે.

# મોરબીમાં મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા પ્રજાસત્તાક દિવસથી પ્લાસ્ટિક કચરો સંગ્રહ અભિયાનનો શુભારંભ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્થિત મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા ૨૬ જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસના અવસર પર પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપતી અનોખી પહેલ તરીકે ''પ્લાસ્ટિક કચરો સંગ્રહ અભિયાન''ની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ગીતાંજલી વિદ્યાલયના સહયોગ અને બાલાજી પ્લાસ્ટિકના સહકારથી શરૂ કરવામાં આવેલા આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જાગૃતિ ફેલાવવાનો અને સ્વચ્છ ભારત- હરિત ભારતની ભાવનાને મજબૂત બનાવવાનો છે.

મોરબી સ્થિત મુસ્કાન વેલફેર સોસાયટી દ્વારા ૨૬ જાન્યુઆરી-પ્રજાસત્તાક દિવસના અવસર પર પર્યાવરણ સંરક્ષણને પ્રોત્સાહન આપતી મહત્વપૂર્ણ પહેલ તરીકે




''પ્લાસ્ટિક કચરો સંગ્રહ અભિયાન''ની શરૂઆત કરવામાં આવી છે. આ અભિયાન ગીતાંજલી વિદ્યાલયના સહયોગથી અને બાલાજી પ્લાસ્ટિકના સહકારથી અમલમાં મૂકાયું છે. દેશની સ્વચ્છતા અને હરિત પર્યાવરણને રાષ્ટ્રીય ફરજ માનતાં, હાલ આ અભિયાન મોરબીની કેટલીક શાળાઓમાં શરૂ કરવામાં આવ્યું છે. પ્રજાસત્તાક દિવસના અવસર પર વિદ્યાર્થીઓમાં પ્લાસ્ટિક પ્રદૂષણ અંગે જાગૃતિ લાવવા તથા તેમને જવાબદાર નાગરિક બનવાની પ્રેરણા આપવા માટે આ પહેલ હાથ ધરવામાં આવી છે.

અભિયાન અંતર્ગત શાળાઓમાં પ્લાસ્ટિક સંગ્રહ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં વિદ્યાર્થીઓ પ્લાસ્ટિક બોટલો, થેલીઓ, પેકેટ્સ સહિતનો બિનઉપયોગી પ્લાસ્ટિક કચરો જમા કરાવી રહ્યા છે. એકત્રિત થયેલ પ્લાસ્ટિકને રિસાયક્લિંગ માટે મોકલી ઉપયોગી અને પર્યાવરણમિત્ર વસ્તુઓ બનાવવામાં આવશે. મુસ્કાન વેલફેર સોસાયટીના જણાવ્યા અનુસાર, આવનારા સમયમાં આ અભિયાનને મોરબીની વધુ શાળાઓ અને વિસ્તારો સુધી વિસ્તૃત કરવામાં આવશે, જેથી નાના પ્રયાસોથી મોટા બદલાવનો સંદેશ ફેલાવી મોરબીને પ્લાસ્ટિક મુક્ત બનાવવા અસરકારક પગલું ભરી શકાય.

# શહેરી ઘરવિહોણાઓ માટે મોરબી મનપાની યુ.સી.ડી શાખા દ્વારા નાઈટ-ડ્રાઈવ યોજાઈ





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરમાં ઠંડીના માહોલ વચ્ચે શહેરી ઘરવિહોણા અને નિરાધાર લોકોના આરોગ્યની સુરક્ષા હેતુથી મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી શાખા દ્વારા આશ્રયગૃહ માટે વિશેષ નાઈટ-ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન ફૂટપાથ પર રહેતા લોકોને વિશેષ સમજ આપી આશ્રયગૃહમાં સ્થળાંતર કરવામાં આવ્યા હતા.

મોરબી મહાનગરપાલિકાની યુ.સી.ડી શાખા દ્વારા શહેરી ઘરવિહોણા અને નિરાધાર લોકોના રક્ષણ તથા કલ્યાણ માટે તા.૨૬/૦૧ ના રોજ રાત્રીના સમયે વિશેષ નાઈટ-ડ્રાઈવ યોજવામાં આવી હતી. મોરબી ખાતે આવેલ મહારાણીશ્રી નંદકુંવરબા આશ્રયગૃહમાં ઘરવિહોણા અને નિરાધાર લોકોને નિઃશુલ્ક રહેવા, જમવા સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ આશ્રયગૃહનું સંચાલન મોરબી મહાનગરપાલિકા દ્વારા નિમણુક કરાયેલ શ્રી સિધ્ધી ખાદી ગ્રામ ઉદ્યોગ કેળવણી સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

નાઈટ-ડ્રાઈવ દરમિયાન યુ.સી.ડી શાખા દ્વારા ફૂટપાથ પર રહેતા ઘરવિહોણા લોકોની સ્થળ પર મુલાકાત લઈ કાઉન્સેલિંગ કરી તેમને આશ્રયગૃહનો લાભ લેવા પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ ડ્રાઈવ અંતર્ગત કુલ ૧૬ ઘરવિહોણા લોકોને તેમના પરિવાર સાથે આશ્રયગૃહ ખાતે સુરક્ષિત રીતે પહોંચાડવામાં આવ્યા હતા. આ સાથે મોરબી મહાનગરપાલિકાના કમિશ્નરે વધુને વધુ શહેરી ઘરવિહોણા લોકો આ આશ્રયગૃહનો લાભ લે તેના માટે અનુરોધ કર્યો છે.

## જામનગરમાં એસ.ટી.બસ સ્ટેન્ડ પર મધરાતે ચોરીની આશંકાએ મુસાફરોનું ચેકિંગ કરતી પોલીસ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગત રાત્રીના સમયગાળા દરમિયાન બસ સ્ટેન્ડ ખાતે એસટી બસના મુસાફરે ચોરીની આશંકાને લઈ પોલીસને બોલાવતા દોડધામ મચી હતી. ભાવનગર દ્વારકાની બસમાં સવાર રાજકોટના મુસાફર નાસ્તો લેવા નીચે ઉતર્યા ત્યારે તેમનું પર્સ ખોવાયું હોવાનું જાણ થઈ હતી. આથી તેઓએ ચોરીની આશંકાને પગલે તાત્કાલિક પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરતાં પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને પોલીસે એસટી બસના મુસાફરોનું ચેકિંગ કરાયું હતું. જેને પગલે બસ સ્ટેન્ડ ખાતે મુસાફરોના ટોળા એકત્ર થયા હતા.

## મોરબી રેલ્વે સ્ટેશન નજીકથી વર્લીમટકાના આંકડાનો જુગાર રમતા એકની અટક

મોરબીમાં રેલ્વે સ્ટેશન નજીક જાહેરમાં વર્લી ફિચર્સના આંકડાનો નસીબ આધારિત પૈસાની હારજીતનો જુગાર રમી રમાડતા આરોપી જુમાભાઈ સાલેમાનભાઈ સુમરા ઉવ.૫૨ રહે. વનાળીયા ગામ તા.જી.મોરબી વાળાને સીટી એ ડિવિઝન પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ. ૭૦૦/-સહિતનો મુદ્દામાલ જપ્ત કરી તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# સામુહીક અસ્થિ વિસર્જનની શાસ્ત્રોક્ત પરંપરા જાળવી રાખતુ મોરબી શ્રી જલારામ સેવા મંડળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જલારામ ધામ-શ્રી જલારામ સેવા મંડળના આગેવાનો દ્વારા ૧૫ બિનવારસી મૃતદેહોના અસ્થિઓ સહીત કુલ ૨૮૫ દીવંગતોનુ સોમનાથ ત્રિવેણી સંગમ ખાતે સામુહીક અસ્થિ વિસર્જન કરવામાં આવ્યુ.

મોરબીવિવિધ પ્રકારની માનવસેવા પ્રદાન કરતા મોરબીના જલારામ ધામ-શ્રી જલારામ સેવા મંડળ દ્વારા બિનવારસી મૃતદેહોના અંતિમ સંસ્કાર હીન્દુ શાસ્ત્રોક્ત વિધી મુજબ કરવામા આવે છે, તે ઉપરાંત તેમના અસ્થિઓનુ સોમનાથ મુકામે ત્રિવેણી સંગમમા સામૂહીક વિસર્જન કરવામા આવે છે. તેમજ જે લોકો પોતાના સ્વજનોના અસ્થિઓનુ વિસર્જન ન કરી શકેલ હોય તેમના અસ્થિઓનુ વિસર્જન પણ સંસ્થા દ્વારા કરવામા આવે છે.

હીન્દુ ધર્મની પરંપરા મુજબ સદગતિ માટે દીવંગતોના અસ્થિઓનુ વિસર્જન કરવુ અનિવાર્ય હોય છે ત્યારે મોરબી જલારામ ધામ-શ્રી જલારામ સેવા મંડળ દ્વારા તા.૨૬-૧ રવિવારના રોજ સોમનાથ મુકામે પવિત્ર ત્રિવેણી સંગમમા સામૂહીક અસ્થિ વિસર્જન કરવામા આવ્યુ હતુ. જેમાં ૧૫ બિનવારસી, ૭૦ વિદ્યુત સ્મશાનના અસ્થિઓ તેમજ સંસ્થાના અસ્થિ કુંભમાંથી ૨૦૦ સહીત કુલ ૨૮૫



દીવંગતોના અસ્થિઓનું હિન્દુ શાસ્ત્રોક્ત વિધી પ્રમાણે સામુહીક વિસર્જન પવિત્ર ત્રિવેણી સંગમમાં કરવામાં આવ્યુ હતુ તેમજ તેમના આત્માના શાંતિ અર્થે પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરવામાં આવી હતી. આ ભગીરથ કાર્યમા સંસ્થાના અગ્રણી ગીરીશ ભાઈ ઘેલાણી, કીશોરભાઈ ચંડીભમર, હીતેશભાઈ જાની, ભાવીનભાઈ ઘેલાણી, નિર્મિતભાઈ કક્કડ, અનિલભાઈ ગોવાણી, પ્રવિણભાઈ કારીયા, કૌશલભાઈ જાની, રીશીભાઈ ઘેલાણી, અશોકભાઈ જોશી, દીનેશભાઈ સોલંકી, સહીતના જોડાયા હતા. મોરબી વિદ્યુત સ્મશાન ખાતે શાસ્ત્રી રસિકલાલ ખેલશંકરભાઈ વ્યાસ દ્વારા અસ્થિઓની શાસ્ત્રોક્ત વિધી કરાવવામાં આવી હતી.

# મોરબી તાલુકામાં ડીઝલ ચોરી કરતી સમા ગેંગના વધુ બે આરોપી પોલીસ ગિરફતમાં

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના વિવિધ વિસ્તારોમાં ડીઝલ ચોરીના ગુનાઓ આચરતી સમા ગેંગના નાસતા ફરતા બે આરોપીઓને મોરબી તાલુકા પોલીસની સર્વેલન્સ ટીમે મળેલ બાતમીને આધારે સ્વીફ્ટ કાર સાથે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ નોંધાયેલા બે ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓની પણ ગણતરીના દિવસોમાં અટકાયત કરી પોલીસે આગળની વધુ તપાસની તજવીજ હાથ ધરી છે.

મોરબી તાલુકા વિસ્તારમાં ડીઝલ ચોરીના ગુનાઓમાં સંડોવાયેલ સમા ગેંગના વધુ બે સાગરીતોની મોરબી તાલુકા પોલીસે અટક કરી છે. મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક, મોરબી વિભાગ દ્વારા મિલ્કત સંબંધિત ગુનાઓ શોધી કાઢવા માટે અસરકારક કામગીરી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી. જે અનુસંધાને મોરબી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ડીઝલ ચોરીની બે અલગ અલગ ફરિયાદમાં અગાઉ બે આરોપીઓની અટકાયત કરવામાં આવી હતી જ્યારે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ નાસતા ફરતા હોવાથી તેમને ઝડપી પાડવા માટે તાલુકા પોલીસ મથક પીઆઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી.




આ દરમિયાન સર્વેલન્સ ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ડીઝલ ચોરીના ગુનાઓને અંજામ આપનાર સમા ગેંગના પકડવાના બાકી બે આરોપી અસ્લમભાઈ ઉર્ફે અનવરભાઈ કમાલમિશ્ર સમા રહે. માધાપર જુનાવાસ તા.ભુજ જી.કચ્છ અને આરોપી ઉસ્માણભાઈ મલેકભાઈ સમા રહે.માધાપર જુનાવાસ તા.ભુજ, જી.કચ્છ વાળાને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલ સ્વીફ્ટ કાર રજી.નં. જીજે-૧૨-સીડી-૦૦૭૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા અને તેમની સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સાથે મોરબી તાલુકા પોલીસ દ્વારા સમગ્ર ગેંગ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# જામનગરના અગ્રણી ઉદ્યોગપતિ સામે દુષ્કર્મની ફરિયાદ બાદ તેના જ ભાગીદારને રિવોલ્વરની અણીએ પતાવી દેવાની ધમકી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના એક મિલ માલિક અને અગ્રણી ઉદ્યોગપતિ સામે તાજેતરમાં દુષ્કર્મ અંગેની ફરિયાદ નોંધાવાયા બાદ તેની સામે વધુ એક ગુન્હો નોંધાયો છે. પોતાના જ ભાગીદાર એવા લેન્ડ ડેવલોપર સાથે ખરીદ કરેલી જમીન કે જેના ભાવ આસમાને પહોંચતાં દાનત બગડી હોવાથી ભાગીદાર નો હિસ્સો નહીં આપવાના ભાગરૂપે પોતાની જગ્યામાં બોલાવી રિવોલ્વરની અણીએ પતાવી દેવાની ધમકી આપી ઢોર માર માર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવાતાં ભારે ચકચાર જાગી છે.લેન્ડ ડેવલોપર દ્વારા પોલીસમાં કરાયેલી અરજી ફાઈલ થઈ ગઈ હોવાથી આખરે જિલ્લા કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી, જેમાં જિલ્લા કલેકટરે તાત્કાલિક ગુનો નોંધવા આદેશ કરતાં આખરે આ ફરિયાદ દાખલ કરવાની ફરજ પડી છે.જામનગરનો એક મિલમાલિક આરોપી જે અત્યાર સુધી રાજકીય અગ્રણી પણ હતો, તેની વિરુદ્ધ દુષ્કર્મની ફરિયાદ દાખલ થયા પછી હવે જમીન મકાન સંબંધિત કુંડાળાઓ બાબતે પણ આ આરોપી વિરુદ્ધ વધુ એક ફરિયાદ દાખલ થઈ છે. જામનગરમાં પંચવટી સોસાયટીની બાજુમાં મયૂરબાગમાં રહેતાં જમીન મકાનના લેન્ડ ડેવલોપર અશોક દેવશીભાઈ અકબરી(૪૭) એ જામનગરના અગ્રણી ઉદ્યોગ પતિ અને જનક ઓઈલ મિલ ના માલીક વિશાલ મહેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ પંચકોશી બી. ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પોતાની ભાગીદારીમાં ખરીદ કરેલી અનેક કિંમતી જમીનો કે જેમાં તેનો હિસ્સો નહીં આપી રિવોલ્વર ની અણીએ પતાવી દેવાની ધમકી આપ્યાની તેમજ પોતાને તેમજ પોતાના ભાઈ ને ઢોર માર માર્યા ની ફરિયાદ દાખલ કરાવી છે. આ ગુનાઓ પાછલાં ૩ વર્ષ દરમ્યાન વિશાલ મહેન્દ્રભાઈ મોદી દ્વારા આચરવામાં આવ્યા છે, તેમ આ ફરિયાદમાં જણાવવામાં આવ્યું છે.

ફરિયાદી અશોકભાઈએ પોલીસમાં જાહેર કર્યું છે કે, આરોપી વિશાલ મહેન્દ્રભાઈ મોદી કે જે પોતાની સાથેની અલગ અલગ જગ્યાઓ પર આવેલી અતિ કિંમતી મિલકતોમાં ભાગીદાર છે, પાછલા ૩ વર્ષ દરમ્યાન ઉદ્યોગપતિ વિશાલે આ ફરિયાદી અશોકભાઈ તથા તેના ભાઈ ભરતભાઈને અલગ અલગ જગ્યાઓ પર બોલાવ્યા હતા, અને જમીન માં ભાગ આપવાના મામલે તકરાર કરી હતી. અગાઉ ખરીદ કરેલી મિલકતો કે જેની હાલ બજાર કિંમત ખૂબ જ ઊંચી થઈ ગઈ હોવાથી વિશાલ ની દાનત બગડી હતી, અને હિસ્સો આપવાનો ઈન્કાર કર્યો હતો.વિશાલે આ ફરિયાદી તથા તેના ગ્રાહકોના અલગઅલગ જગ્યાઓ પર આવેલાં પ્લોટ તથા મૂડી છૂટા કર્યા નથી, ફરિયાદી તથા તેના ભાઈને ઢોર માર માર્યો છે, ગાળો આપી છે, ટાંટિયા ભાંગી નાંખવાની તથા રિવોલ્વર ની અણીએ જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી છે, તેમ આ ફરિયાદમાં જણાવાયું છે.આ બધા ગુનાઓ દરેડ ફેઈઝ-૩, મસિતિયામાં આવેલી અપના ઈમ્પેક્સ ઓફિસમાં તથા દરેડ વિસ્તારમાં આવેલી ન્યૂ એરા કન્સ્ટ્રક્શન સાઈટ પર તથા આરોપીની બેડી વિસ્તારમાં આવેલી જનક ઓઈલ મીલ ખાતે આરોપીએ આચર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.જે ફરિયાદના અનુસંધાને પંચકોશી બી. ડિવિઝનના પી.આઈ. વી.જે. રાઠોડ અને તેમની ટીમેં વિશાલ મોદી સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૫૦૪ અને ૫૦૬-૨ મુજબ ગુનો નોંધ્યો છે, અને તપાસ શરૂ કરી છે.છેલ્લા પાંચ વર્ષ જેટલા સમયગાળા દરમિયાન વિશાલ મોદીના ત્રાસ, ધાકધમકી અને મારકુટ વગેરેથી કંટાળીને અશોકભાઈએ જામનગરના પંચકોશી બી. ડિવિઝન પોલીસ મથકમાં અરજી કરી હતી, પરંતુ અગાઉ તેની અરજી ફાઈલ થઈ ગઈ હતી.આખરે સ્વાગત નિવારણ સમક્ષ પોતે ફરિયાદ કરી હતી, જેમાં જામનગર ગ્રામ્ય મામલતદારની કચેરીમાં જે તે વખતે જિલ્લા કલેકટર કેતન ઠક્કર ખુદ હાજર રહ્યા હતા, અને સાંભળ્યા હતા. જેમાં તેઓએ જણાવ્યું હતું કે પોતે છેલ્લા પાંચ વર્ષથી વિશાલ મોદી ની ધાકધમકી, ત્રાસ, અને મારકુટ નો ભોગ બની રહ્યા છે. પોતાને ભાગ આપવાના બદલે ગાળો આપી મારકુટ કરાય છે. તેમજ તેની સામેની પોલીસ ફરિયાદ નોંધાવાતી નથી. જે રજૂઆત સાંભળીને જિલ્લા કલેકટરે તાત્કાલિક અસરતથી આ ફરિયાદ નોંધવા આદેશ કર્યો હતો, જેના અનુસંધાને આ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.અત્રે ઉલ્લેખનિય છે કે, થોડા સમય અગાઉ આ આરોપી વિશાલ મહેન્દ્રભાઈ મોદી વિરુદ્ધ એક મહિલાએ દુષ્કર્મની ફરિયાદ દાખલ કરાવી હતી, જે કેસમાં આરોપીએ પોલીસને તપાસમાં સહયોગ આપવો પરંતુ આરોપીની ધરપકડ કરી શકાશે નહીં, અને સાત દિવસ પહેલાં નોટિસ પાઠવવી, એવું આ અગાઉ વડી અદાલતે કહેલું. તે દરમ્યાન હવે આ જ આરોપી વિરુદ્ધ બીજો ગુનો ખુદ તેના ભાગીદારે દાખલ કરાવ્યો છે, જેથી ભારે ચકચાર જાગી છે પોલીસે તેની અટકાયત કરવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# ઉનાના વાંસોજ ગામે ગર્ભવતી મહિલાએ પાડોશીઓના ત્રાસથી ગળા ફાંસો ખાધો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વાસોજ ગામે અત્યંત દુઃખદ ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે . તાલુકાના વાસોજ ગામે રહેતા મૃતક ભાવનાબેન સોલંકી અને તેમનો પરિવાર શાંતિપૂર્ણ જીવન જીવી રહ્યો હતો, ત્યારે ત્રણ શખ્સોના માનસિક ત્રાસે એક હસતું-રમતું પરિવાર આજે રજડતું થયું છે મૃતક ભાવનાબેન સોલંકી (૩ માસના ગર્ભવતી). હતા જેમાં આરોપીઓ ધીરુ જીવા બારૈયા, ઉમેશ જીવા બારૈયા અને સંજય જીવા




બારૈયા.ત્રાસનું કારણ એછે કે આરોપી ઉમેશ પાસે મૃતક ભાવનાબેનના ફોટા અને રેકોર્ડિંગ હોવાનું કહી તેને વાયરલ કરવાની સતત ધમકીઓ આપી બ્લેકમેલ કરવામાં આવતા જેને લઈને આબરૂ જવાની બીકે મૃતક ભાવના બેને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું, જેના કારણે તેમની ૩ માસૂમ દીકરીઓએ માતાની છત્રછાયા ગુમાવી છે.આ ઘટના સમાજ માટે એક કલંક સમાન છે. ત્યારે આવી દુર્ઘટનાઓ સર્જાય છે.બ્લેકમેલિંગ કરનારા આવા નરાધમો સામે પોલીસે આ ત્રણેય આરોપીઓને ઝડપી પાડી અને તેના પર કાયદેસરની કાર્યવાહી કરી છે અને જેલ હવાલે કર્યા છે

# જામનગર તાલુકાના સચાણા ગામમાંથી ડિગ્રી વગરનો બોગસ તબીબ પકડાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના સચાણા ગામમાં એક બોગસ તબીબ પોતાની પાસે ડિગ્રી ન હોવા છતાં ગરીબ દર્દીના આરોગ્ય સાથે ચેડાં કરી રહ્યો હોવાની બાતમીને આધારે એસ ઓ જી ની ટુકડીએ દરોડો પાડી, બોગસ તબીબને ઝડપી લીધો છે, અને તેની સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગરની એસઓજી શાખાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગર તાલુકાના સચાણા ગામમાં એક મકાન ભાડે રાખીને પરપ્રાંતિય શખ્સ પોતે ડોક્ટર નથી તેમ છતાં તબીબી પ્રેક્ટિસ કરી રહ્યા છે, જે બાતમી ના આધારે ગઈકાલે સચાણા ગામમાં દરોડો પડ્યો હતો.જે દરોડા દરમિયાન મૂળ પશ્ચિમ બંગાળનો વતની ઈસ્માઈલ અલામરાહી તૈયબ શેખ (ઉ.વ.૪૬) કે જે પોતે કોઈપણ પ્રકારની ડીગ્રી ધરાવતો ન હોવા છતાં દર્દીઓને તપાસીને તેઓના આરોગ્ય સાથે ચેડાં કરી રહેલો મળી આવ્યો હતો.

પોલીસ દ્વારા તેની પૂછપરછ કરાતાં પોતાની પાસે કોઈ પણ પ્રકારની ડીગ્રી ન હોવાનું કબૂલ્યું હતું. તેથી પોલીસે તેની અટકાયત કરી લઇ તેની સામે પંચકોસી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# જામનગરના વિકાસ માટે ૨૯.૫૪ કરોડના કામોને મંજૂરી

### શહેરને મળશે ત્રીજું સ્મશાન અને 'ગ્રીન રિંગરોડ' સ્ટેન્ડિંગ કમિટીનો મહત્વનો નિર્ણયઃ ચેલા પાસે નવું સ્મશાન બનશે, રીંગરોડ આધુનિક સુવિધાઓથી સજ્જ થશે

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં શહેરના વિકાસલક્ષી કામો માટે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. કમિટીએ કુલ રૂ. ૨૯.૫૪ કરોડના વિવિધ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે. જેમાં શહેરની વર્ષો જૂની જરૂરિયાતને ધ્યાને રાખીને જામનગર-લાલપુર રોડ પર આવેલા ચેલા ગામ પાસે ત્રીજા સ્મશાનના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ નવા સ્મશાનના નિર્માણથી શહેરના દક્ષિણ વિસ્તારના લોકોની સુવિધામાં વધારો થશે.મુખ્યમંત્રી ગ્રીન રિંગરોડ યોજના' હેઠળ રોડનું નવીનીકરણ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે સમર્પણ સર્કલથી મહાકાળી સર્કલ અને




નંદની કેતન સ્કૂલ થઈ બીડીબંદર જંકશન સુધીના રિંગરોડને ગ્રીન રોડ' તરીકે વિકસાવવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત રોડ પર નવું આસ્ફાલ્ટ કાર્પેટ અને રિકાર્પેટિંગ કરવામાં.આવશે, વરસાદી પાણીના નિકાલ માટે આધુનિક સ્ટ્રોમ વોટર ડ્રેનેજ સિસ્ટમ બનશે, સેન્ટ્રલ ડિવાઈડર, ફટપાથ અને તેની નીચે અંડરગ્રાઉન્ડ યુટિલિટી કેબલ ટ્રેન્ચ બનાવવામાં આવશે તેમજ પર્યાવરણની જાળવણી માટે રોડની બંને બાજુએ સઘન વૃક્ષારોપણ કરવામાં આવશે. સ્વચ્છતા અને કચરાના નિકાલ માટે ખાસ જોગવાઈ શહેરમાં સ્વચ્છતા જાળવી રાખવા માટે પણ સ્ટેન્ડિંગ કમિટીએ મહત્વનું ભંડોળ ફાળવ્યું છે. ડોર-ટુ-ડોર ગાર્બેજ કલેક્શન અને ઓપન પોઈન્ટ પરથી કચરો એકત્રિત કરવાની કામગીરીને વધુ સુદ્રઢ બનાવવામાં આવશે. કચરો એકત્રિત કરવા માટે બંધ બોડીના વાહનોનો ઉપયોગ કરીને તેના સુરક્ષિત નિકાલ માટે ડિસેમ્બરથી માર્ચ સુધીના જરી ખર્ચને કમિટીએ બહાલી આપી છે. આ નિર્ણયથી શહેરની સફાઈ વ્યવસ્થામાં મોટો સુધારો જોવા મળશે.

# બોલીવુડના ફિલ્મ પ્રોડયુસરના ચેક રિર્ટનના કેસમાં જામનગરની કોર્ટ નોંધાઈ ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર બોલીવુડના જાણીતા ફિલ્મ પ્રોડ્યૂસર, ડાયરેક્ટર અને લેખક અનિલ શર્મા વિરુદ્ધ જામનગરના ઉદ્યોગપતિ અશોકભાઈ એચ. લાલ દ્વારા ચેક રિટર્નની ફરિયાદ દાખલ થતાં ઉદ્યોગ અને ફિલ્મ જગતમાં ભારે ચર્ચા જગાવી છે.જામનગરના ઉદ્યોગપતિ અશોકભાઈ એચ. લાલને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના અનેક મોટા પ્રોડ્યૂસર, ડાયરેક્ટર અને ટોચના કલાકારો સાથે નજીકના સંબંધો છે. ફિલ્મ નિર્માણ માટે મોટી રકમની જરૂરિયાત પડતા અનિલ શર્માએ અશોકભાઈ લાલનો સંપર્ક કર્યો હતો. બંને વચ્ચેના સંબંધોના આધારે અશોકભાઈ લાલે અનિલ શર્માને મોટી રકમ હાથ ઉછીની આપેલી હતી. આ રકમ પરત ચૂકવવા માટે અનિલ શર્માએ અશોકભાઈ લાલને ચેકો આપ્યા હતા.પરંતુ અનેકવાર ઉઘરાણી કરવા છતાં અનિલ શર્મા દ્વારા રકમ પરત ચુકવવામાં આવી નહોતી અને વિવિધ બહાનાઓ કરવામાં આવ્યા હતા. ત્યારબાદ અશોકભાઈ લાલે કુલ રૂ.દશ લાખના ત્રણ ચેક પોતાની બેંકમાં જમા કરાવતા ત્રણેય ચેક "OTHERS -INOPERA-TIVE ACCOUNT અક સેરા સાથે પરત ફર્યા હતા.આથી અશોકભાઈ એચ. લાલે પોતાના વકીલ પિયુષ વી. ભોજાણી મારફતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ મુજબ અનિલ શનિ કાયદેસર નોટિસ પાઠવી હતી. નોટિસ મળવા છતાં રકમ પરત ન મળતાં અંતે અશોકભાઈ એચ. લાલે જામનગરની કોર્ટમાં અનિલ શર્મા વિરુદ્ધ ચેક રિટર્નની ફરિયાદ દાખલ કરી છે.

## મોરબીના ઈન્દિરાનગર વિસ્તારમાં વર્લીફિચર્સના આંકડાનો જુગાર રમતા એક પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરની બી ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન સામાકાંઠા વિસ્તારમાં ઈન્દિરાનગર ખારા પટ્ટમાં જાહેરમાં વર્લી ફીચર્સના આંકડાનો જુગાર રમતા સુનિલભાઈ રમેશભાઈ ઝંઝવાડીયા ઉવ.૨૬ રહે.ભડિયાદ કાંટે મોરબી-૨ નામના યુવકને ઝડપી લેવામાં આવ્યો હતો, આ સાથે પોલીસે આરોપી પાસેથી રોકડા રૂ.૧૧,૨૦૦/-તથા જુગાર રમવાના સાહિત્ય સાથે તેની ધરપકડ કરી તેની વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સિવિલ હોસ્પિટલ તંત્રની બેદરકારીઃ જ્યાં દર્દી સાજા થવા આવે ત્યાં જ ગંદકીનું ઘર

સિવિલ હોસ્પિટલમાં અલયદા એન્જીનીયર છે છતાં ૪ દિવસથી ભૂગર્ભ ગટરનું પાણી રેલમ-છેલમ

ખાડા ખોદી રાખી દીધા : બીમાર દર્દીઓને પણ આવા ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે



તસ્વીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સિવિલ હોસ્પિટલ તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. જ્યાં દર્દી સાજા થવા આવે ત્યાં જ ગંદકીનું ઘર છે. બીમાર દર્દીઓને પણ આવા ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. તંત્રને કંઈ પડી ન હોય તેમ દિવસોથી દર્દીઓ હાલાકીમાં છે. સિવિલ હોસ્પિટલમાં અલયદા એન્જીનીયર છે છતાં ૪ દિવસથી ભૂગર્ભ ગટરનું પાણી રેલમ-છેલમ છે. ખાડા ખોદી રાખી દીધા છે.

ગંભીરતા નથી જેથી કામ અટકી પડેલું છે. રાજકોટ સિવિલમાં જાહેર શૌચાલય પાસે જ ભૂગર્ભ ગટર છેલ્લા ૧૫ દિવસથી ઉભરાતી હતી. છેલ્લા અઠવાડિયામાં તો પાણી ઈમરજન્સી વિભાગ સામેના ભાગમાં પહોંચવા લાગેલ. જેથી ચારેક દિવસ પહેલા અહીંના જવાબદાર સ્ટાફ દ્વારા ઓક્સિજન પ્લાન પાસે બર્ન્સ વોર્ડ સામે મોટો ખાડો ખોદાયો છે.

એકાદ દિવસ કામ કરતા હોય તેવું ચિત્ર થયું. પણ આજે ચાર દિવસ બાદ એવો ખ્યાલ આવે છે કે, હજુ કંઈ જ કામ થયું નથી. ઉલ્ટાનું કામ શરૂ થઈ અટકી પડ્યું હોય તેમ જણાય છે. એટલું જ નહીં ગંધાતા ગટરના પાણીનું વહેણ પણ વધી ગયું છે. દર્દીઓને નાછૂટકે ગંધારા પાણીમાં પગ બોળી ચાલવું પડે છે. સૂત્રોએ જણાવ્યું કે, સિવિલ હોસ્પિટલ પાસે અલાયદા એન્જીનીયર છે.

હોસ્પિટલ તંત્ર કોર્પોરેશનની પણ મદદ લઈ શકે છે. પણ સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેનડન્ટ સહિતના અધિકારીઓ જાણે આંખ આડા કાન કરતા હોય સમસ્યાનો ઉકેલ દિવસો બાદ પણ નથી આવ્યો. જેના કારણે મચ્છરનો ઉપદ્રવ પણ વધી ગયો છે. ઉલ્લેખનીય છે કે, કોઇને કોઇ કારણસર સિવિલ હોસ્પિટલ હંમેશા ચર્ચામાં રહે છે. પરંતુ રાજય સરકાર કે તંત્રના પેટનું પાણી હલતું નથી. હવે તો દર્દીઓને આ નર્ક જેવી યાતનામાંથી ભગવાન જ બચાવી શકે.

# રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલ ખાતે આરોગ્ય સેવાઓના સુદ્રઢીકરણની દિશામાં મહત્વપૂર્ણ પહેલ

## નવી તબીબી સુવિધાઓનું ઉદઘાટન, દર્દીઓને મળશે આધુનિક સારવારનો લાભ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારોને અત્યાધુનિક સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવાના સંકલ્પ સાથે, રાજકોટ ડિવિઝનલ રેલવે હોસ્પિટલમાં હાલમાં જ અનેક મહત્વપૂર્ણ તબીબી સુવિધાઓનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજકોટ ડિવિઝનલ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીના દ્વારા આ નવી સુવિધાઓનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. જેની વિગતો નીચે મુજબ છે

(૧) આધુનિક ફિઝિયોથેરાપી ક્લિનિક હોસ્પિટલમાં સુસજ્જ ફિઝિયોથેરાપી ક્લિનિક શરૂ કરવામાં આવ્યું છે, જેનાથી દર્દીઓને અસરકારક પુનર્વસન અને સારવારની સેવાઓ મળી શકશે., (૨) ઈલેક્ટ્રિકલ કોટરી ઉપકરણ સર્જરી અને સારવારને વધુ સચોટ અને સરળ બનાવવા માટે અત્યાધુનિક 'ઈલેક્ટ્રિકલ કોટરી' મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું., (૩) દર્દીઓની સુવિધા માટે ભેટ પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન રાજકોટ દ્વારા દર્દીઓની સુવિધા માટે હોસ્પિટલને ૨૦ વિઝિટિંગ ચેર અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે રાજકોટ ડિવિઝનલ રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ જણાવ્યું હતું કે, આ નવી સુવિધાઓ શરૂ થવાથી રેલવે કર્મચારીઓ, તેમના પરિવારજનો અને અન્ય દર્દીઓને વધુ સારી, સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પ્રાપ્ત થશે. આ પહેલ રેલવે પ્રશાસનની ''સેવા, સમર્પણ અને સંવેદનશીલતા'' પ્રત્યેની પ્રતિબદ્ધતાને મજબૂત રીતે દર્શાવે છે. આ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં એડિશનલ ડિવિઝનલ રેલ પ્રબંધક કૌશલ કુમાર ચૌબે, પશ્ચિમ રેલવે મહિલા કલ્યાણ સંગઠન, રાજકોટ ડિવિઝનના પ્રમુખ મુકેશી મીના અને તેમની ટીમ, મુખ્ય તબીબી અધિક્ષક ડો. રાજકુમાર, વરિષ્ઠ અધિકારીઓ, તબીબો અને પેરામેડિકલ સ્ટાફ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રખરતા શોધ કસોટી અન્વયે લાગુ કરાયેલા પ્રતિબંધ આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા લેવાનાર પ્રખરતા શોધ કસોટી-૨૦૨૬ની પરીક્ષા રાજકોટ શહેરમાં કુલ-૯ કેન્દ્રો ખાતે ૧૪/૦૦ થી કલાક-૧૬/૦૦ વાગ્યા દરમ્યાન યોજાશે. જે અન્વયે રાજકોટ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ જરૂરી પ્રતિબંધાત્મક આદેશ કર્યા છે, જે મુજબ રાજકોટ શહેર વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રોની કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજ્યાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રિત થશે નહીં.


પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ તેમજ શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઇ વ્યક્તિ વાહનો લાવશે નહીં કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં.પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહીં. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન, ટેબ્લેટ, - સ્માર્ટ વોચ, જેવા ડિજિટલ ઉપકરણો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહીં તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવા નહીં.

પરીક્ષા કેન્દ્રોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોક્કસાઈપૂર્વકનું ઓળખકાર્ડ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહીં. પરીક્ષા કેન્દ્રની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રોમાં આ જાહેરનામું તા.૨૮/૦૧/૨૦૨૬ના રોજ કલાક-૧૦થી કલાક- ૧૭ સુધી લાગુ પડશે.

સ્થાનિક સત્તાધીશો પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ ઓળખપત્ર ધરાવતી તમામ વ્યકિતઓ, લગ્નના વરઘોડાને (શરતોને આધીન મંજુરી મેળવેલ), સ્મશાન યાત્રાને, ફરજ પરના પોલીસ/ એસઆરપી/ હોમગાર્ડ/ જી.આર.ડી.ના અધિકારીઓ તથા જવાનોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર છે.

# ઘરેથી નીકળી ગયેલ ત્રણ વર્ષની બાળકી નું તેમના પરિવાર સાથે મિલન કરાવતી મોરબી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ટીમ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મહિલાઓની મદદ માટે સતત રાત દિવસ કાર્યરત રહેતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન સેવા ખરેખર બહેનો માટે આશીર્વાદરૂપ રહી છે

આજ રોજ તારીખ ૨૫/૦૧/૨૦૨૬ ના રોજ એક જાગૃતિ નાગરિક દ્વારા ૧૮૧ પર કોલ કરવામાં આવેલ કે મોરબી રંગપર ગામે ક્રીકેટ ગ્રાઉન્ડ પાસે એક નાની આશરે ત્રણેક વર્ષની બાળકી મળી આવેલ હોય બાળકી રસ્તામાં એકલી બેઠી છે અને બાળકી કાંઈ પણ બોલતી નથી તેમજ બાળકી મુજાયેલી છે અને બાળકી ગભરાયેલી હાલતમાં છે આજુબાજુ માં કોઈ માણસો પણ નથી માટે બાળકી ની મદદ માટે ૧૮૧ ટીમની મદદ ની જરૂર છે જેના પગલે ૧૮૧ ટીમના કાઉન્સેલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ દક્ષાબેન પરમાર તેમજ પાયલોટ અનીલભાઈ ઘટના સ્થળે બાળકી ની મદદ માટે પહોંચ્યા હતા બાળકી ને ત્યાંના લોકોએ સુરક્ષિત જગ્યાએ બેસાડેલી હતી સૌપ્રથમ બાળકી ને નાસ્તો અને પાણી આપેલ અને ત્રણેય ટીમ દ્વારા બાળકી સાથે વાતચીત કરી પરંતુ બાળકી કાંઈ પણ બોલતી ન હતી.

બાળકી કાંઈ પણ બોલતી ન હોય તેથી પ્રાથમિક માહિતી મળેલ ન હોય તેથી ત્રણેય ટીમ સંકલન માં રહીને રેસ્કયુ વાનમાં બેસાડી આજુબાજુમાં બધી જ કંપનીમાં બાળકી ને લયી ગયેલ પરંતુ બાળકીને કોઈ પણ ઓળખતું ન હોય ત્યારબાદ એક કંપનીના માલિક સાથે વાતચીત કરી અને મોરબી સિરામિક એસોસિએશન ગ્રુપમાં એક મેસેજ નાખેલ હોય છતાં પણ પાંચ કલાક સુધી કોઈ માહિતી મળેલ ન હોય આજુબાજુ માં બધાં માણસો સાથે પણ વાતચીત કરેલ પરંતુ બાળકીને કોઈ ઓળખતું ન હોય. ત્યારબાદ ઘણા પ્રયત્નો બાદ તેમના માતા પિતા મળી આવેલા હોય તેમનો કોન્ટેક્ટ નંબર મેળવેલ અને ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા બાળકી નાં પિતા સાથે વાતચીત કરેલ બાળકી નાં પરિવારનું કાઉન્સેલીગ કરતા તેમણે જણાવ્યું કે અમે ઝારખંડના છે અને છેલ્લા છ મહિનાથી મોરબી એક કંપની માં મજુરી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે વધુમાં તેમણે જણાવ્યું હતું કે અમે બંને જણા નાઈટ ડ્યુટી કરીને આવેલ હોય તેથી બંને જણા સુઈ ગયેલ હોય અને મારી બાળકી બીજા બાળકો સાથે એક દુકાન પર ભાગ લેવા માટે અમારી જાણ બહાર ઘરેથી નીકળી ગયેલ હોય પાંચ વાગ્યે અમે બંને જણાએ ઉઠીને જોયું તો અમારી બાળકી ઘરે ન હતી અમારી બાળકીને શોધવા માટે ઘણા પ્રયત્નો કરેલ પરંતુ બાળકી મળેલ ન હોય.

ત્યારબાદ ત્રણેય ટીમ દ્વારા બાળકી નાં પરિવાર ને સલાહ સુચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપવામાં આવેલ તેમજ બાળકીનું ધ્યાન રાખવા જણાવેલ. આમ ત્રણેય ટીમ દ્વારા બાળકી ને તેમના પરિવાર સાથે સહી સલામત સોંપવામાં આવેલ હોય તેમના પરિવારે ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

# રાજકોટની વીરબાઈ મા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે 30મીએ મહિલા રોજગાર ભરતી મેળો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના મદદનીશ નિયામક (રોજગાર)ની કચેરીના સહયોગથી કાલાવાડ રોડ પર આવેલી માતુશ્રી વીરબાઈ મા મહિલા આર્ટ્સ કોલેજ ખાતે 30મી જાન્યુઆરીએ મહિલા રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

આ મેળો સવારે ૯.૩૦ વાગ્યાથી શરૂ થશે. જેમાં ખાનગી એકમોના પ્રતિનિધિઓ હાજર રહીને ઈન્ટરવ્યૂ દ્વારા ઉમેદવારોની પસંદગી હાથ ધરશે. આ ભરતી મેળામાં એસ.એસ.સી., એચ.એસ.સી. અને કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવતાં મહિલા ઉમેદવારો ભાગ લઈ શકશે. વધુ માહિતી માટે મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, ૧/૩, બહુમાળી ભવન, રાજકોટનો રૂબરૂ અથવા ફોન નંબર- ૦૨૮૧, ૨૪૪૦૪૧૯ પર સંપર્ક કરી શકાશે, તેમ યાદીમાં જણાવાયું છે.

# ૭૦ શાળાઓના વિદ્યાર્થીઓ શીખશે આપાતકાલીન સ્થિતિ સામે રક્ષણના પાઠ

## મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મહીકા પ્રાથમિક શાળા ખાતે યોજાયેલો મેગા ઈવેન્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાળા સલામતી સપ્તાહ - ૨૦૨૬ અંતર્ગત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમ રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા મહીકા પ્રાથમિક શાળા ખાતે મેગા ઈવેન્ટ યોજાયો હતો.

જેમાં SDRF ટીમ દ્વારા શોધ અને બચાવ અંગે જીવંત નિદર્શન રજૂ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ધરતીકંપ, પૂર, આગ સામે રક્ષણ, CPR સહિતની સલામતી બાબતોની તાલીમનો શાળાના ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. ગાંધીનગરથી પ્રસારિત થયેલા મુખ્યમંત્રી ઓનલાઇન કાર્યક્રમને ઉપસ્થિત સૌએ નિહાળ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, તાલુકા મામલતદાર, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, સરપંચ, સ્થાનિક આગેવાનો, BRC કો-ઓર્ડિનેટર, SDRF ટીમ તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૭/૦૧/૨૦૨૬થી મુખ્યમંત્રી દ્વારા રાજ્યમાં શાળા સલામતી સપ્તાહ - ૨૦૨૬ની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા કલેકટરના માર્ગદર્શન હેઠળ કુલ ૭૦ શાળાઓમાં મેગા ઈવેન્ટનું આયોજન કરાયું છે. જે અન્વયે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને સલામતીના પાઠ શીખવવામાં આવી રહ્યા છે.

# મોરબીના આમરણ અને નાગડાવાસ ગામે અપમૃત્યુના બે અલગ અલગ બનાવ નોંધાયા



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના આમરણ તથા નાગડાવાસ ગામે અપમૃત્યુના બે અલગ-અલગ બનાવ નોંધાયા છે. જેમાં આમરણ ગામે વીજ કરંટથી યુવાનનું મોત થયું, જ્યારે નાગડાવાસ ગામે તળાવમાં ડૂબી જવાથી બાળકનું કરુણ મોત નિપજ્યું હતું. બંને બનાવોમાં મોરબી તાલુકા પોલીસે અ.મોત દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

અપમૃત્યુનો પ્રથમ બનાવ આમરણ ગામે નોંધાયો છે, જેમાં સુખદેવ ચુનિયાભાઇ લોહરા ઉવ.૧૯ રહે. આમરણ તા.જી.મોરબી મૂળ ઝારખંડ વાળા ગઈકાલે તા.૨૭/૦૧ ના સવારે અંદાજે સાડા નવ વાગ્યાના સમયગાળા દરમિયાન વિજળીના થાંભલા પર કામ કરવા ચડ્યા હતા. દરમિયાન અચાનક ઇલેક્ટ્રિક શોર્ટ લાગતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાના પગલે તેમને તાત્કાલિક મોરબી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર પૂર્વે જ તેમનું મોત નિપજ્યું હતું. આ મામલે પોલીસે અ.મોતની નોંધ કરી છે.

જ્યારે બીજો બનાવ નાગડાવાસ ગામે બન્યો છે, જેમાં પીયુષભાઈ અનુભાઈ પરમાર ઉવ.૦૪ રહે. નાગડાવાસ ગામ તા.જી.મોરબી વાળો તળાવના પાણીમાં અચાનક ડૂબી જતા મોતને ભેટ્યા હતા. બનાવ બાદ બાળકની લાશ મોરબી સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી. આ બાબતે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી, ઈન્કવેસ્ટ પંચનામા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# સરગમ ક્લબ ડો.પ્રવિણભાઈ એલ. રાજ્યગુરુની પુણ્ય સ્મૃતિમાં દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧/૨ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખ પત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે. સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને એચ. પી. રાજ્યગુરુ તેમજ કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૨ થી ૩/૨ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

લોકોને તા.૧/૨ના રોજ સવારે ૮ કલાકે ખાસ સરગમભવન, જામટાવર રોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૨ના રોજ સવારે ૮ ખાસ ઉપસ્થિત રહેવું.

# દુશ્મનાવટથી ઉભી કરાયેલી ખોટી ફરીયાદમાં આરોપીઓને નિર્દોષ જાહેર કરતી કોર્ટ

## આરોપી વતી વકિલ તરીકે શેઠ એસોસિએટના ધર્મેશભાઇ શેઠ, હિતભાઇ શેઠ તેમજ અંકુરભાઇ શેઠ રોકાયા હતા







**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૫માં નોંધાયેલ એક ગુન્હામાં અદાલતે આરોપી જતીન મહેશભાઇ નથવાણી તથા રઘુરાજભાઇ મહેશભાઇ નથવાણીએ આઇપીસી કલમ ૪૩૬ તેમજ ૧૧૪ જેવા ગંભીર આરોપમાંથી સંપૂર્ણ પણે નિર્દોષ જાહેર કર્યા છે. આ કામમાં આરોપી વતી વકિલ તરીકે શેઠ એસોસિએટના ધર્મેશભાઇ શેઠ, હિતભાઇ શેઠ તેમજ અંકુરભાઇ શેઠ રોકાયા હતા.

આ કેસની વિગત મુજબ ખોટી દુશ્મનાવટ ઉભી કરી ફરીયાદી દ્વારા દાવો કરાયો હતો કે, તેમના રહેણાંક મકાનમાં પેટ્રોલથી આગ લગાવાઇ હતી. જેમાં આરોપી તરીકે જતીનભાઇ નથવાણી તથા રઘુરાજભાઇ નથવાણીનું નામ આપવામાં આવ્યું હતું. દસ વર્ષથી ચાલી રહેલા આ કેસમાં અદાલતે ગત તા.૧૩ જાન્યુઆરીના વિસ્તૃત, કારણસભર અને તથ્ય આધારીત ચુકાદામાં ફરીયાદ પક્ષને આખી કહાનીને શંકા, અનુમાન અને દુશ્મનાવટ પર આધારીત હોવાનું જણાવી ચૂકાદો આરોપીઓના પક્ષમાં આપ્યો હતો. અદાલતે નોંધયુ હતું કે, બનાવ અંગે કોઇ પણ નજરે જુના સાક્ષી હાજર નથી, આરોપીની સંડોવણી દર્શાવતો એકપણ વિશ્વનીય પુરાવો રજૂ કરાયો નથી. સીસીટીવી પુરાવા અધિનીયમ મુજબ કાયદેસર નથી. તેમજ ફરીયાદી અને આરોપી વચ્ચે ચાલતી દિવાની જમીન વિવાદ જ સમગ્ર ફોજદારી કાર્યવાહીનો મુળ છે. આ અંગે આરોપીઓ તરફથી વકિલ ધર્મેશભાઇ શેઠ, હિતભાઇ શેઠ તેમજ અંકુરભાઇ શેઠે ધારદાર દલીલો રજૂ કરી હતી અને કોર્ટે આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા.

# નવાગામ ઘેડ વિસ્તારમાંથી જુગાર રમતા બે ઝડપાયા બે ફરાર

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના નવાગામ ઘેડ વિસ્તારમાં ટીંબાફળીમાંથી શુક્રવારે જાહેરમાં સિક્કો ઉછાળી કાટ છાપનો જુગાર રમતા સચિન કિશોરભાઈ કંટારીયા અને નરેશ પસાભાઈ પરમાર નામના બે શખ્સને ઝડપી લઈ નાસી જનાર રોહિત ટીનાભાઈ ડાભી અને ભાવેશ ઉર્ફે અઘુડો હંસરાજભાઈ સદાદીયા નામના બે શખ્સની શોધખોળ હાથ ધરી છે.

# પુત્રીના લગ્ન માટે પિતાએ ગીરવે મુકેલી કાર વ્યાજખોરો ઓળવી ગયા

## પૈસાની સગવડ થઈ જતાં કાર પરત માંગતાં આ ગાડી ભૂલી જજે' કહી વધુ પૈસા માંગ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરામાં રહેતાં યુવક સાથે બન્યો હતો જેણે પુત્રીના લગ્ન માટે પૈસાની જરૂર પડતાં ગીરવે મુકેલી કાર વ્યાજખોરો ઓળવી જતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની માહિતી મુજબ અબ્દુલ અલીભાઈ સંધી (ઉ.વ.૪૧) એ ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે પુત્રીના લગ્ન માટે તેણે મિત્ર પંકજ કિશોરભાઈ વાયાની ૧૫૦ ફૂટ રિંગરોડ પર આવેલી ઓફિસે જઈને પૈસા વ્યાજે લીધા હતા. આ પૈસાના બદલામાં આઠ લાખ રૂપિયાની કિંમતની કાર પણ ગીરવે મુકી હતી. એ કાર ઉપર પંકજે સુરેન્દ્રનગરના તરુણકુમાર ઉર્ફે શિવમ રાવલ પાસેથી ૨.૪૦% લાખ રૂપિયા મહિને ૪% વ્યાજ પર અપાવ્યા હતા. આ પછી દર મહિને અબ્દુલ પંકજ વાયાને વ્યાજ ચૂકવી આપતો હતો. દરમિયાન પૈસાની વ્યવસ્થા થઈ જતાં તેણે પંકજ પાસે કાર પરત માંગતાં કાર તરુણ પાસે પડી હોવાનું કહ્યું હતું. આ પછી તરુણે કહી દીધું હતું કે હવે આ ગાડી ભૂલી જજે અને વ્યાજે લીધેલા ૨.૪૦ લાખ સામે હજુ ત્રણ લાખ આપવા પડશે. આ લોકોને અબ્દુલે ૧.૧૫ લાખ રૂપિયાનું વ્યાજ આપ્યું હોવા છતાં વધુ ત્રણ લાખ માંગી કાર ઓળવી જતાં આખરે પંકજ કિશોરભાઇ વાયા અને તરુણ ઉર્ફે શિવમ રાવલ સામે ફરિયાદ નોંધાવી હતી.

# ઉપલેટાના વાડલાં ગામે પ્રાથમિક શાળામાં ચોરી કરનાર તસ્કર બેલડી પકડાઇ

## મધ્યાહન ભોજનના રસોડામાંથી ગેસના બે બાટલા, તેલના બે ડબ્બા અને પાંચ કિલો સિંગદાણાની ચોરી કરી'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના વાડલાં ગામે આવેલી શાળાના મધ્યાહન ભોજનના રસોડાના રૂમમાંથી તસ્કરો ગેસના બે બાટલા, તેલના બે ડબ્બા અને પાંચ કિલો સિંગદાણા સહિત રૂ.૮ હજારની મત્તા ચોરી કરી ગયાના બનાવમાં પોલીસે બેલડીને પકડી પાડી ગેસના બાટલા રિકવર કર્યા હતાં.




બનાવ અંગે ઉપલેટામાં રહેતાં અને વાડલા પ્રાથમિક શાળામાં આચાર્ય પ્રવીણભાઈ મોહનભાઈ ગજેરા(ઉ.વ.૫૭) દ્વારા નોંધવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઇ તા. ૦૭/૦૧/૨૦૨૬નાં રોજ તેઓ બપોરનાં બારેક વાગ્યે ઉપલેટાથી વાડલાં પ્રાથમીક શાળાએ નોકરી પર ગયા હતાં. બપોરનાં બાર વાગ્યે પ્રાથમીક સ્કુલનાં વિધ્યાર્થીઓને સ્કુલનાં મધ્યાહન ભોજનનાં સંચાલક મંજુલાબેન પુંજાભાઈ મકવાણા તથા હેલ્પર મીરાબેન મકવાણાએ રાબેતા મુજબ જમાડેલ અને સ્કુલમાંજ મધ્યાન ભોજનનાં રસોડામાં જ વિધાર્થી માટે ભોજન બનાવવામાં આવે છે અને ભોજન સામગ્રીનું કરિયાણુ તથા બીજી સાધન સામગ્રી પણ મધ્યાહન ભોજનનાં રસોડામાં જ રાખવામાં આવે છે. અને મધ્યાહન ભોજનનાં રસોઈની કામગીરી પુરી કરી ઉપરોક્ત બંન્ને બેહેનો બપોર પછી ચારેક વાગ્યે તેનાં મધ્યાહન ભોજનનાં રસોડાને તાળુ મારી જતા રહ્યા હતાં.

બીજા દિવસે તેઓ ઘરે હતા ત્યારે શાળાનાં શીક્ષક મીતુલભાઈ કરડાણીને સાડા નવેક વાગ્યે ફોન આવ્યો હતો કે મધ્યાહન ભોજનનાં કિચન શેડનું તાળું તુટેલ છે અને ચોરી થઇ છે. તેમ વાત કરતા ફરિયાદી ઉપલેટાથી નીકળી વાડલાં શાળાએ જઇને જોતા ત્યાં મધ્યાહન ભોજનનાં સંચાલક મંજુલાબેન પુંજાભાઈ મકવાણા તથા હેલ્પર મીરાબેન મકવાણા પણ આવી ગયા હતા તેને પુછ્તા તથા ત્યાં મધ્યાહન ભોજનનાં કિચન શેડમાં જોતા કિચન શેડનું તાળું ન હોય અને ફક્ત આગળીયો મારેલ હોય અને રસોઈ બનાવવા માટેનાં ગેસનાં બાટલા નંગ-૨ તથા તેલનાં ડબ્બા -૨ તથા પાંચ કિલ્લો શીંગદાણાની ચોરી થયાનુ જણાવ્યું હતું. જેમાં ગેસનાં બંન્ને બાટલાની અંદાજિત કિંમત રૂ.૪,૦૦૦ તથા તેલનાં બંન્ને ડબાની કિંમત રૂ. ૩, ૬૫૦ તથા પાંચ કિલો શીંગ દાણાની કિંમત ૩૫૦ ગણી કુલ રૂ. ૮,૦૦૦ ની મત્તા કોઇ ચોરી કરી ગયા અંગે ઉપલેટા પોલીસ મથકમાં ફરિયાદ નોંધવવામાં આવી હતી.

જે ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઇ રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર, ધોરાજી એએસપી સિમરન ભારદ્રાજ દ્વારા ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીઓને તાત્કાલીક પકડી પાડવાની આપેલ સુચનાથી ઉપલેટા પોલીસ સ્ટેશનના પીઆઈ બી.આર.પટેલની રાહબરીમાં એએસઆઇ ધરમચંદ કોટચ, હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોષી, કોન્સ્ટેબલ પ્રફુલકુમાર ભરડા અને રાહુલકુમાર વાંઝાને સંયુકત રીતે હ્યુમન તથા ટેકનીલક સોર્સીસથી મળેલ બાતમીના આધારે આરોપી રોહીત અરવિંદ મકવાણા અને કરણ ઉર્ફે કલો વિજય ખિમોરીયા (રહે. બંને વાડલા, ઉપલેટા) ને વાડલા ગામેથી ઈન્ડીયન ગેસના બાટલા નંગ-૨ કૂલ રૂ. ૪૦૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરેલ હતી.

# યાજ્ઞીક રોડ પર માલાબર ગોલ્ડ એન્ડ ડાયમંડસના શો રૂમ માંથી રૂ.૪.૭૨ લાખના સોનાના ચેઈનની ચોરી



## બપોરના સમયે આવેલી અજાણી મહિલા ટ્રેમાંથી સોનાનો ચેઈન સરકાવી નાસી છૂટી, પોલીસે સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યાજ્ઞીક રોડ પર આવેલા માલાબર ગોલ્ડ એન્ડ ડાયમંડસના શો રૂમમાંથી રૂ.૪.૭૨ લાખના સોનાના ચેઈનની ચોરી થયાનો બનાવ સામે આવતાં પોલીસ દોડતી થઈ હતી. બપોરના સમયે આવેલી આજાણી મહિલા ટ્રે માંથી સોનાનો ચેઈન સરકાવી નાસી છૂટતાં પોલીસે સીસીટીવી ફુટેજના આધારે શોધખોળ આદરી હતી.

બનાવ અંગે કાલાવડ રોડ પર કટારીયા ચોકડી પાસે રંગોલી પાર્કમાં રહેતાં વિજયભાઇ સંતોષભાઇ ભુલચંદાણી (ઉ.વ.૪૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે એક અજાણી મહિલા સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ યાજ્ઞિક રોડ ઉપર ડી.એચ.કોલેજની બાજુમાં આવેલ મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ કંપનીના શોરૂમ મેનેજર તરીકે છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરે છે.

ગઇ તા. ૨૩ ના રાત્રીના સાડા આઠેક વાગ્યે મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ કંપની બંધ કરી ત્યારબાદ કંપનીના સ્ટાફ દ્વારા મલબાર ગોલ્ડમાં રાખેલ સોનાના જુદા જુદા આભુષણો દાગીનાના સ્ટોક ગણતરી કરતા સ્ટોકમાં એક સોનાનો ચેઈન નંગ-૦૧ ૨૭.૫૯ ગ્રામનો ૨૨ કેરેટ રૂ.૪.૭૨ લાખનો મળી આવેલ નહી. જેથી સ્ટાફને આ ચેઈન બાબતે પુછપરછ કરતા તેઓને આ સોનાના ચેઈન બાબતે કંઇ ખબર નહી હોવાનુ જણાવેલ હતું.

જેથી સીસીટીવી ફુટેજ જોતા ફુટેજમાં ગઈ તા.૨૩ ના બપોરના ૦૪/૫૦ વાગ્યે એક અજાણી સ્ત્રી મલબાર ગોલ્ડ એન્ડ ડાયમંડસ ડીસ્પ્લેય ટ્રે માંથી સોનાનો ચેઇન ચોરી કરતી નજરે જોવામા આવેલ છે. જે અંગે ઉપરી અધિકારીને વાત કરી ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી એ.ડિવિઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી દેખાતી મહિલા તસ્કરને પકડવા તજવીજ આદરી હતી.

# બે મર્ડર કર્યા છે, ત્રીજું તારું કરતાં વાર નહીં લાગે' કહી યુવકને ધમકી

## પિતા-કાકાના હત્યા કેસમાં ફરિયાદી બનતાં આરોપીઓએ અટકાવી બેફામ ગાળો ભાંડી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રસૂલપરા પાછળ બજરંગ સોસાયટી મેઈન રોડ પર રહેતા અને ગાડીનું સર્વિસ સ્ટેશન ચલાવતાં લક્ષ્મણ જેસીંગભાઈ શિયાળીયા (ઉ.વ.૨૭)એ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ૨૦૧૮માં તેના પિતા જેસીંગભાઈ ઢોલરા ચોકડીએ ખડનો થડો રાખી ધંધો કરતા હતા ત્યારે એ ધંધામાં મોટાબાપુનો પુત્ર મીઠાભાઈ પણ ભાગીદાર હતો. ખડના ફેરાનું કામ કાકા વેજાભાઈ ખીમાભાઈ અલગોતર કરતા હતા. થડાની નજીકમાં જ કૌટુંબિક ભાઈઓ મેલા વરજાંગભાઈ શિયાળીયા તેમજ તેનો ભાઈ નવઘણે પણ ખડ વેચવાનું શરૂ કર્યું હતું. ધંધાકીય હરિફાઈને કારણે વારંવાર બોલાચાલી થતી હતી.

દરમિયાન ૮-૪-૨૦૧૮ના સવારે લક્ષ્મણના પિતા જેસીંગભાઈ તેમજ કાકા વેજાભાઈ તેમજ પિતરાઈ ભાઈ મીઠાભાઈ હાજર હતા ત્યારે મેલા શિયાળીયા તેમજ નવઘણ શિયાળીયા અને મેલાનો પુત્ર વિશાલ ઉર્ફે લાલો, ભરત સહિતના હથિયાર લઈને ધસી આવ્યા હતા અને ઝઘડો કરી જેસીંગભાઈ અને વેજાભાઈને માર મારતાં બન્નેના મોત નિપજ્યા હતા. હત્યાના આ કેસમાં મેલા શિયાળિયા, નવઘણ તેમજ વિશાલ ઉર્ફે લાલો અને મેલાનો બીજો પુત્ર ભરત જેલમાં હતા. ભરત નાની ઉંમરનો હોવાથી થોડા સમયમાં તેને જામીન મળી ગયા હતા. ૨૦૧૯માં વિશાલ ઉર્ફે લાલાને પણ જામીન મળ્યા તો ૨૦૨૨માં નવઘણને પેરોલ મળતાં તે ફરાર થઈ ગયો હતો. જ્યારે ૨૦૨૪માં મેલાને પણ જામીન મળ્યા હતા. હાલ આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો છે પરંતુ જ્યારે લક્ષ્મણ મુદતે જાય ત્યારે આરોપીઓ સમાધાન કરી લેવા માટે ધમકાવી રહ્યા હતા.

દરમિયાન ૧ જાન્યુઆરીએ લક્ષ્મણ તેના સર્વિસ સ્ટેશન પર હતો ત્યારે ભરત શિયાળીયા તેનું સ્કૂટર લઈને ધસી આવ્યો હતો અને 'તને બોવ પાણી ચડીગયું છે, તું સમાધાન નથી કરતો આથી તને પતાવી દેવો છે, અમે બે મર્ડર કર્યા છે એટલે ત્રીજું તારુ કરતા વાર નહીં લાગે' કહી મારી નાખવાની ધમકી આપી ગાળાગાળી કરી ભાગી ગયો હતો.

# પાટણવાવના મોટીમારડ ગામે બસસ્ટેન્ડ પાસે જાહેરમાં જુગાર રમતા છ જુગારી ઝડપાયા

## રૂરલ એલસીબીની ટીમનો દરોડો રૂ.૧.૦૨ લાખનો મુદ્દામાલ જપ્ત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ધોરાજીના મોટી મારડ ગામે જાહેરમાં જુગાર રમતા છ શખ્સોને એલસીબીની ટીમે ઝડપી લઇ રૂ. ૧.૦૨ લાખનો મુદ્દામાલ કબજે કરી પાટણવાવ પોલીસ મથકના સ્ટાફ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દરોડાની વિગત મુજબ રાજકોટ જિલ્લામાં દારૂ અને જુગાર બદી ડામી દેવા એસપી વિજયસિંહ ગુર્જર આપેલી સૂચનાને પગલે એલસીબી પીઆઇ વીવી વડોદરાની રાહબરીમાં પીએસઆઇ એચ.સી.ગોહિલ અને આર.વી.ભીમાણી અલગ અલગ ટીમો સાથે પેટ્રોલિંગમાં હતાં.

ત્યારે ધોરાજીના મોટી મારડ ગામે બસ સ્ટેન્ડ પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની કોન્સ્ટેબલ ઈશીતભાઈને મળેલી બાતમીના આધારે એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, હેડ કોન્સ્ટેબલ અરવિંદસિંહ જાડેજા સહિતના સ્ટાફે દરોડો પાડી જુગાર રમતા હડમતીયા ગામ રાજેશ ઉર્ફે રાજુ દિનેશ કાનગડ,ભાવેશ જેઠસુર ચાવડા, ઉપલેટાનો નીરવ નટવરલાલ મોકાની, મોટીમારડનો મહેન્દ્ર જયંતિ કાલરીયા, મહેશ ચીમન ડેડીકીયા અને ભૌતિક દિનેશ ગોહેલની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૧.૦૨ લાખ કબજે કરી પાટણવાવ પોલીસ મથકના સ્ટાફ દ્વારા ધોરણસરની કાર્યવાહી હાથ કરવામાં આવી છે

# રાજ્યના ૧૪૫ નાયબ મામલતદાર, ૨૦૭ તલાટીમંત્રીની બદલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના મહેસૂલ વિભાગ દ્વારા આજે રાજ્યભરમાં અલગ અલગ જિલ્લાઓમાં ફરજ બજાવતા નાયબ મામલતદારોની બદલીનો મોટો લીથો નીકળ્યો હતો. ૧૪૫ નાયબ મામલતદારની તેઓની અરજીના આધારે જિલ્લાફેર બદલીઓ કરવામાં આવી હતી.

રાજકોટ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ મામલતદાર અશ્વિન ચાવડા, સહદેવસિંહ ચાવડા, મોરબીના વાય.પી. ગોસ્વામીની બદલી થઈ છે. જ્યારે રાજકોટમાં દેવભૂમિ દ્વારકાથી દીપક શ્રીગોર, મિલન નિમાવત, બોટાદથી પ્રતાપ ઉધરેજા જૂનાગઢથી હર્ષા નિર્મળ, ગીર સોમનાથથી મહેશ સાકરિયા, અમરેલીથી કે, આઈ. સિંધી રાજકોટ જિલ્લામાં મૂકાયા છે. ૨૦૭ તલાટીઓની બદલીમાં ડાંગથી વી.જે. કિયાડા, વલસાડથી હિતેષ ડેર, વડોદરાથી ઝંખના પટેલનો ઓર્ડર રાજકોટ જિલ્લામાં થયો છે. નાયબ મામલતદાર અને તલાટીઓની રેવન્યૂ ડિપાર્ટમેન્ટના ૩૫૨ કર્મચારીઓની થયેલી બદલીઓમાં કર્મચારીઓએ જિલ્લાફેર બદલીઓની માગણી કરી હતી. તેના પર મહેસૂલ વિભાગ દ્વારા નિર્ણય લઇને વર્ગ-૩ના ૩૫૨ કર્મચારીઓની માગણી મુજબ જિલ્લા ટ્રાન્સફર કરાઇ છે.

# બે વર્ષ પહેલાં બિલ્ડિંગ પરથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો

## દુઃખાવો સહન ન થતાં ગળેફાંસો ખાધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૈયાધારમાં ઈન્દિરાનગરમાં ૨૦ વર્ષીય યુવતીએ ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણી દેતાં પરિવાર ઉપર આભ ફાટી પડયું હતું. મૃતકે બે વર્ષ પહેલાં બિલ્ડિંગ ઉપરથી કૂદકો મારી આપઘાતનો પ્રયાસ કર્યો હતો જેનો દુઃખાવો સહન ન થતાં ગળેફાંસો ખાઈ મોત મીઠું કર્યું હતું.

આ અંગે વધુમાં જાણવા મળ્યા પ્રમાણે ઈન્દિરાનગરમાં રહેતી પાયલ બચુભાઈ બાંભવાના લગ્ન થઈ ગયા હતા પરંતુ પતિ સાથે મનમેળ ન રહેતા છૂટાછેડા થયા હતા. આ પછી પાયલ અપસેટ રહેતી હોય તેણે બે વર્ષ પહેલાં જ હનુમાન મઢી ચોક પાસે આવેલા બિલ્ડિંગની છત ઉપરથી કુદકો મારી આપઘાતનો પ્રયાસ કરતાં તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

આ ઈજાનો દુઃખાવો લાંબા સમય સુધી રહ્યો હતો અને દિવસો પસાર થતાં તે અસહ્ય બની ગયો હોવાથી પાયલ તેને સહન ન કરી શકતા આખરે સોમવારે પાયલે તેના જ ઘરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. પાયલ એક ભાઈ અને ત્રણ બહેનમાં નાની હતી.

# હરીપર પાળગામે ગોડાઉનમાંથી રૂા.૧.૭૫ લાખના બાંધકામના સામાનની ચોરી

## લીફ્ટના કોલમ, સેફ્ટી નેટના પાઈપ સહીતના મુદ્દામાલની ઉઠાંતરીઃ સીસીટીવીના આધારે શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના હરી પર પાળમાં આવેલ ગોડાઉનમાં તસ્કરો ત્રાટકયા હતાં અને રૂ.૧.૭૫ લાખના બાંધકામના સામાનની ચોરી કરી નાસી છૂટતાં મેટોડા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ આદરી હતી.

આ બનાવ અંગેની માહિતી મુજબ રાજકોટના મુંજકામાં આવેલ પંચેશ્વર પાર્કમાં રહેતાં રવીભાઈ પરશોતમભાઈ રાદડીયા(ઉવ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ રોયલ કંટ્રકશનના નામે કંટ્રકશનનો વેપાર ધંધો કરે છે. હાલ તેઓની સાઈટ માધાપર ચોકડી અને સાધુ વાસવાણી રોડ ઉપર ચાલુ છે, બાંધકામનો સામાન રાખવા માટેનું ગોડાઉન હરીપર પાળ સર્વે નં.૩૨, પ્લેટ નં.૧, જુના બંગડીના કારખાના પાસે આવેલ છે. જ્યાં કોઈ કંટ્રકશનને લગતો સામાન લેવાનો હોય તો જ

આવવાનું થાય છે. ગઈ તા.૨૧ ના સાંજના છ વાગ્યે તેઓ ગોડાઉને ગયેલ હતો. ત્યારબાદ તા.૨૪ ના સાધુવાસવાણી રોડ ઉપરની સાઇટ ઉપર ટેકાની જરૂર હોય જેથી ગોડાઉને ટેકાના માપ લેવા માટે ગયેલ અને ગોડાઉનમાં લગાવેલ તાળાને ખોલવાનો પ્રયાસ કરતા તાળુ ખુલેલ નહીં, જેથી તાળાની જગ્યાએ કોઈએ બીજુ તાળુ મારી દીધેલ હોવાનું લાગતા તે તાળુ તોડી અંદર જઈ ગોડાઉન ચેક કરતા અંદરની સાઈડ પતરાનો દરવાજો કપાયેલો અને દરવાજાને મારેલ તાળુ પણ કપાયેલ જોવામાં આવેલ જેથી અંદર જઈ જોતા તેમાં રાખેલ બાંધકામનો સામાન લીફ્ટના કોલમ, સેફ્ટી નેટના પાઈપ સહિતનો લગભગ રૂ.૧.૭૫ લાખનો સમાન ચોરી થયેલ જણાયેલ હતો. તેમજ કોઇ માલવાહક વ્હીકલના ટાયરના નિશાન જોવામાં આવેલ હતા. બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે તસ્કરોને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

# શહેરની ત્રણ બેંકના ખાતામાં ફ્રોડના રૂ.૭૨ કરોડનું ટ્રાન્જેકશનઃ આરોપીની શોધખોળ

## પેઢીના સંચાલક સામે રૂ.૧.૧૭ કરોડની તપાસમાં વધુ ભોપાળુ બહાર આવ્યુઃ મોચીનગરમાં રહેતા જોગી કૃપા એન્ટરપ્રાઈઝ નામની પેઢીના સંચાલક સામે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાયબર ફ્રોડના નાણાં અલગ અલગ એકાઉન્ટમાં નાખી વિડ્રો કરનાર ગાંધીગ્રામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. પોતાની પેઢીના અલગ અલગ ત્રણ બેન્ક એકાઉન્ટ મારફ્ત ૧.૧૭ કરોડ રોડના નાણા ચેક તેમજ એટીએમથી વીડ્રો કરી લીધાની સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ફરિયાદમાં તપાસ કરતા સંચાલકે ચાર માસના સમયમાં રૂ.૭૨ કરોડ ટ્રાન્જેકશન કર્યાનુ બહાર આવતા પોલીસે આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

પોલીસમાંથી મળતી વિગતો મુજબ રાજકોટ પોલીસ કમિશનર બજેશકુમાર ઝાની સુચનાથી સાયબર ક્રાઈમના પીઆઈ જેએમ કૈલાની ટીમે સાઈબર ફ્રોડ અંગે મ્યુલ એકાઉન્ટ ભાડે આપનાર એકાઉન્ટ ધારકો પર તપાસ કરી હતી. બાબતે તપાસ કરતા તા. ૦૧/૦૯/૨૦૨૫ના રોજ એક જાગૃત નાગરીક તરીકે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં કરેલ અરજી મુજબ તપાસ કર્યા બાદ ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવેલ ઓપરેશન મ્યુલ હન્ટ અંર્તગત અલગ અલગ રાજ્યોમાં સાયબર ક્રાઈમની ફરીયા દોમાં મ્યુલ બેંક એકાઉન્ટ રાજકોટ શહેર માથી એ.ટી.એમ. તથા ચેકની ઉપડેલ સાયબર ફ્રોડના નાણાની હેર ફેર તેમજ નાણા એકાઉન્ટમાંથી વિડ્રો કરતા શખ્સો સામે કાર્યવાહી અર્થે રાજકોટ શહેરમાં અલગ અલગ પોલીસ સ્ટાફના અધિકારી, સ્ટાફની ટીમો બનાવી કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેના સંદર્ભે તપાસમાં બેંક ઓફ બરોડા ના એકાઉન્ટ નંબર ૭૨૭૨૦૨૦૦૦૦૧૭૦૦ તથા એક્સિસ બેન્કના એકાઉન્ટ નંબર ૯૨૪૦૨૦૦૩૫૫૩૩૫૬ ૩ અને (૩) એચડીએફસી બેંકના એકાઉન્ટ નંબર ૫૦૨૦૦૧૦૯૧૬૭૧૨૭ સુંદર બેંક એકાઉન્ટ સમન્વય એ પોર્ટલ પર ચેક કરતા ૧૨૪થી વધુ ત્રણેય સહિત બેંક એકાઉન્ટમા ફોડના નાણા ટ્રાન્સફર થયા હતા. જેમા ત્રણેય બેંક એકાઉન્ટની માહીતી મેળવી તપાસ કરતા તે ઉપરોક્ત બેન્ક એકાઉન્ટ જોગી કૃપા એન્ટરપ્રાઈઝ નામથી પેઢીના પ્રોપરાઈટર મૈશરૂ હીરાભાઈ ધ્રાંગીયા વાળાના નામે હોવાની હકિકત મળેલ બેંક ખાતામાં લેવલ ૨ અને ૩ મા અલગ અલગ રાજ્ય માંથી થયેલ એન.સી.આર.પી. અરજીના આધારે ગુનો નોંધવામાં આવ્યો હતો. આરોપી મૈસુર હીરાભાઈ ધ્રાંગીયા રહે મોચી નગર ૬ ગાંધીગ્રામ વાળા જોગી કૃપા એન્ટરપ્રાઈઝનો પ્રોપરાઈટર હોવાનું અને તેના બેન્ક એકાઉન્ટ માં ફ્રોડના ૧.૧૭ કરોડ ટ્રાન્સફર થયા હતા અને તે ફોડના નાણા હોવા છતાં મૈસુર ધ્રાંગીયાએ એટીએમ અને ચેકથી તે નાણા વીડ્રો કર્યા નું સામે આવ્યુ હતુ તેમજ આરોપી મશરૂએ ચાર માસ દરમ્યાન તેના ખાતાઓમાંથી રૂ.૭૨ કરોડનું ટ્રાન્જેકશન કર્યાનુ બહાર અવતા પોલીસે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# મોટામવામાં પ્રેમલગ્ન કરનાર યુવકને પરીવાર સહિત મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોટા મવામાં રહેતાં યુવકને પરીવાર સમેત મારી નાંખી બહેનનું અપહરણ કરવાની ધમકી આપતાં જામનગર રહેતાં સસરા સહિતની ટોળકી સામે તાલુકા પોલીસમાં ગુનો નોંધાયો હતો. બનાવ અંગે કાલાવડ રોડ પર મોટા મવામાં આવેલ રઘુવીર પાર્કમાં રહેતાં આશિષભાઈ અલ્પાબેન વૈષ્ણવ (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે મિતેશભાઈ કિશોરભાઈ ભટ્ટ (રહે.જામનગર) સહિતના શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ પત્ની અંકીતા, ભાઈ સુનિલ, બહેન હેતલ તથા મમ્મી અલ્પાબેન સાથે રહે છે. તેમની માતાના પિતા સાથે આશરે ૧૫ વર્ષ પહેલા ડિવોર્સ થઈ ગયેલ છે, ફરીયાદી માધાપર ચોકડી પર આવેલ બ્લુડાર્ટ કુરીયરમાં ડીલીવરી બોય તરીકે નોકરી કરે છે. યુવાન અને અંકીતા છેલ્લા પાંચ વર્ષથી રીલેશનશીપમા હોય જેથી ગઈ તા. ૧૫ના કાલાવડના નાગપુર ગ્રામ પંચાયત ખાતે રજીસ્ટર મેરેજ કરેલ છે અને સાતેક દિવસ બંને સાપુતારા ખાતે જતા રહ્યા હતા. ગઈ તા. ૨૧થી બંને અહીં પરીવાર સાથે રાજકોટ રહે છે. ગઈ તા.૨૦ ના તે અંકીતાના ઘરે જામનગર તેના પિતા મિતેશભાઈ ભટ્ટને મળવા ગયેલ અને બંનેના પ્રેમ-સંબંધ વિશે વાત કરેલ હતી. તેમને બંનેના લગ્ન માટે સમજાવેલ હતા. તો તેણે ગાળાગાળી કરેલ જેથી ત્યાંથી પરત આવતો રહેલ હતો. બાદ મિતેશ ભટ્ટના અવાર-નવાર ફોન આવતા હતા.જેમાં બહેન હેતલને ઘરેથી ઉપાડી લઈને અપહરણ કરવાની ધમકી આપ્યા કરતા અને અંકીતાનો ફોન પણ લઇ લીધેલ હતો. બાદમાં અંકીતાએ યુવાનનો સંપર્ક કરેલ અને તેને લઇ જઈને લગ્ન કરવાનુ જણાવેલ હતુ, જેથી તેને જામનગરથી સાથે લઇ આવેલ અને નાગપુર ગામ ખાતે રજીસ્ટર મેરેજ કરી સાપુતારા જતા રહેલ હતા. બાદમાં યુવાને તેના મમ્મીને ફોન કરતા તેમણે જણાવેલ કે, તારા સસરા મિતેશભાઈ ઘરે આવી જાનથી મારી નાખવાની ધમકી આપે છે, તમે બંને પરત રાજકોટ આવી જાવ. જેથી તેઓ બંને રાજકોટ પરત આવી ગયેલ બાદ ગઈ તા.૨૨ના મિતેશને જાણ થયેલ કે, હુ અને અંકીતા બંને ઘરે પરત આવી ગયેલ છે, જેથી તેમણે મમ્મીના અને ભાઈ સુનિલના ફોનમા અવાર-નવાર ફોન કરી અંકીતાને પરત જામનગર મોકલી દે, નહીતર પરીવારને જાનથી મારી નાખવાની અને મારી બહેનનુ અપહરણ કરી લેવાની ધમકી આપેલ હતી. બાદ અંકીતાએ તેની સાથે પરત જવાની ના પાડતા આ મિતેશ ભટ્ટ અલગ-અલગ નંબરથી ફોન કરીને યુવાનને પરીવારને જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરીયાદ નોંધાવી હતી.

# જંગલેશ્વરમાં હવે કોઈપણ ઘડીએ બુલડોઝર ફરી વળશેઃ દબાણકારોને સાત દિવસનું અલ્ટીમેટમ

## ૩૯ વર્ષથી દબાણગ્રસ્ત થયેલ ૧,૦૫,૮૦૦ ચો.મી. રૂા.૪૦૦ કરોડની સરકારી જમીન ખુલ્લી થશેઃ ૧૩૫૮ દબાણકર્તાઓને આખરી નોટિસો રૂબરૂ ફટકારવાનું શરૂ કરતું રેવન્યું તંત્ર





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરનાં સંવેદનશીલ ગણાતા જંગલેશ્વર વિસ્તારમાં આશરે ૩૯ વર્ષથી દબાણગ્રસ્ત થઇ ગયેલી રૂા.૪૦૦ કરોડથી વધુની કિંમતની ૧,૦૫,૮૦૦ ચો.મી. સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાય ગયેલા રહેણાંક અને કોમર્શિયલ દબાણો ઉપર હવે ગમ્મે ત્યારે રેવન્યુ તંત્રનું બુલડોઝર ફરી વળવાનું છે. કારણ કે, જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશની સુચના અનુસાર આજે સવારથી જ પૂર્વ મામલતદાર એન.પી. અજમેરા અને તેની ટીમો દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત હેઠળ જંગલેશ્વરમાં રૂબરૂ તમામ દબાણકર્તાઓને સ્વૈચ્છિક રીતે દબાણો દૂર કરવાની સાત દિવસની મુદતની આખરી કલમ-૨૦૨ની નોટીસો ફટકારવાનું શરુ કરી દીધું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ કલેક્ટરની સુચના અનુસાર મામલતદારે ૧૩૫૮ દબાણકર્તાઓને કલમ-૬૧ હેઠળની નોટીસો ફટાકીર સાંભળ્યા હતા અને આધાર-પુરાવા રજૂ કરવા જણાવેલ હતું.

છતાં એક પણ દબાણકર્તા આજ સુધીમાં અસલી દસ્તાવેજ કે અન્ય પૂરાવા રજૂ કરી શક્યા ન હતા આથી હવે આજથી આ ૧૩૫૮ દબાણો તોડી પાડવા માટે કાઉન્ટ-ડાઉન શરુ કરાયું છે.

શહેરમાં સરકારી જમીનો પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર અને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે ઈતિહાસની સૌથી મોટી મેગા ડિમોલિશન ડ્રાઇવની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. તંત્ર દ્વારા આ અંગેની વિગતો મુજબ, કરોડો રૂપિયાની કિંમત ધરાવતી આશરે ૧૫ લાખ ચોરસ મીટર સરકારી જમીન ખુલ્લી કરવા માટે આગામી દિવસોમાં મોટાપાયે કાર્યવાહી હાથ ધરાશે.

૭ દિવસમાં જમીન ખાલી કરવા આદેશ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કલમ ૬૧ મુજબ ૨૦૨ જેટલી નોટિસો ફટકારી દેવામાં આવી છે. તંત્રએ કડક શબ્દોમાં સૂચના આપી છે કે સરકારી જમીન પર જે દબાણો છે તે આગામી ૭ દિવસમાં સ્વેચ્છાએ ખાલી કરી દેવામાં આવે, અન્યથા તંત્ર દ્વારા દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવશે.

આ કાર્યવાહીમાં અંદાજે ૧૩૫૮ જેટલા મકાનો અને અન્ય દબાણોનો સફાયો બોલાવવામાં આવે તેવી શક્યતા છે.

બીજી તરફ, રાજકોટ મહાનગરપાલિકા એ પણ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ૧,૦૦૦થી વધુ દબાણો આઈડેન્ટીફાઈ કર્યા છે અને તેમને નોટિસ આપવાની તજવીજ શરૂ કરી દીધી છે. આમ, કુલ મળીને ૧.૮૫ લાખ ચોરસ મીટર જેટલી વિશાળ અને બજાર કિંમતની દ્રષ્ટિએ કરોડો રૂપિયાની જમીન પર ગેરકાયદેસર દબાણ હોવાનું ચોપડે નોંધાયું છે. આગામી દિવસોમાં આ વિસ્તારમાં તંત્રના બુલડોઝર ગરજે તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે.

દરમ્યાન ઉપરોક્ત કાર્યવાહી બાબતે રાજકોટ શહેર (પૂર્વ) મામલતદાર એન.પી. અજમેરાનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતુંકે જંગલેશ્વર દબાણ મુદ્દે તાજેતરમાં અરજદારો દ્વારા કોર્ટમાં ત્રણ કેવિએટ દાખલ કરાઇ હતી જે પૈકી બે કેવિએટ નીકળી ગઈ છે અને હજુ એક પેન્ડીંગ છે. જોકે તંત્રએ પણ અગાઉથી જ હાઇકોર્ટમાં કેવિએટ દાખલ કરી છે. આજરોજ તંત્રએ પાઠવેલી આખરી નોટીસમાં જણાવાયું છે કે, મામલતદાર, રાજકોટ શહેર (પૂર્વ) સને ૧૮૭૯ના મુંબઈના મહેસુલના કાયદાની કલમ-૨૦૨માં ઠરાવ્યા પ્રમાણે તેઓને આ નોટીસ આપું છું કે, આ નોટીસ મળ્યાથી દિન-૭માં સદરહુ જમીન છોડી દેવા અન્યથા આપને આ જમીન પરથી ખસેડવામાં આવશે જેની તમામ જવાબદારી આપની રહેશે અને જંગલેશ્વરની સરકારી જમીનમાં થયેલા દબાણો તદ્દન ગેરકાયદેસર સાબિત થયા છે.

# રાજકોટમાં એનડીપીએસના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનના વિસ્તારોમાં ગુન્હાહિત પ્રવૃતિઓ આચરી નાસતા ફરતા આરોપીઓને શોધવા અંગે મળેલી ઉચ્ચ અધિકારીની સૂચનાના પગલે શહેર એસઓજીની ટીમે તાલુકા પોલીસના એનડીપીએસના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને દબોચી લઇ તાલુકા પોલીસના હવાલે કર્યો છે.




આ અંગેની માહિતી મુજબ એસઓજીના પીઆઇ એસ.એમ.જાડેજાની સૂચનાથી પીએસઆઇ વી.વી.ધ્રાંગુ, એએસઆઇ ફિરોજભાઇ, કોન્સ. હાર્દિકસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, તાલુકા પોલીસ સ્ટેશનમાં એનડીપીએસના ગુન્હામાં નાસતો ફરતો અસલમ ભીખુ સમા (રહે. નાનામોવા આરએમસી આવાસના કવાર્ટર) નામનો શખ્સ પોતાના ઘરે આવ્યો હોવાની હકિકતના આધારે એસઓજીની ટીમે ઉપરોકત સ્થળે દોડી જઇ અસલમ સમાને દબોચી લઇ વધુ તપાસ અર્થે તાલુકા પોલીસના હવાલે કરવામાં આવ્યો છે.